## આજનો સુવિચાર

જીવનમાં જ્યારે માર્ગ દેખાતો નથી ત્યારે દૂર જોવાની કોશિશ કરવી વ્યર્થ છે, પરંતુ ધીરે ધીરે, પગથિયાં ચડશો તો રસ્તો આપોઆપ ખુલશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૮૯ જૂનાગઢ તા.૨૫-૧૧-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 289, Junagadh : Date : 25 November, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# રાજસ્થાન વિધાનસભાની ૧૯૯ બેઠકો પર બમ્પર મતદાન : પ્રારંભીક ૪ કલાકમાં ૨૫ ટકા



જયપુર તા. ૨૫

રાજસ્થાનની ૧૯૯ વિધાનસભા સીટ પર આજે સવારે ૭ વાગ્યાથી મતદાન ચાલી રહ્યું છે. દરમ્યાનમાં આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ રાજસ્થાનમાં ૧૯૯ બેઠકો પર બમ્પર મતદાન થઈ રહયું છે. પ્રારંભીક ૪ કલાકમાં જ ૨૫ ટકા મતદાન નોંધાયું છે અને મતદાન પ્રક્રિયા પુર્ણ થતાં ૭૦ ટકાની આસપાસ મતદાન થવાની ધારણા છે.

જયપુર અને જોધપુર સહિત અનેક શહેરોમાં સવારથી જ લાંબી લાઈન જોવા મળી રહી છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું, 'કોંગ્રેસની જીત બાદ આગામી મુખ્યમંત્રી કોણ હશે એ હાઈકમાન્ડ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી નક્કી કરશે. સાથે જ સચિન પાયલટે કહ્યું કે અહીં દરેક વ્યક્તિ ચૂંટણી લડી રહી છે. કોઈ એકલા ચૂંટણી જીતાડી શકે નહીં કે હરાવી શકે નહીં. ઝાલાવાડમાં પોતાનો મત આપ્યા બાદ વસુંધરા રાજેએ કહ્યું કે દરેકે મતદાન કરવું જ જોઈએ. કોંગ્રેસ નેતા સચિન પાયલટે પણ જયપુરની સી - સ્કીમમાં પોતાનો મત આપ્યો. જીતના સવાલ પર અશોક ગેહલોતે કહ્યું કે અમારી સરકારે લોકોને જે ગેરંટી આપી છે અને જે વિકાસ થયો છે. તે જોઈને લોકો અમારી સરકારને ફરીથી ચૂંટશે.

આ ચૂંટણીમાં કુલ ૧૮૬૩ ઉમેદવારો મેદાનમાં છે. રાજ્યના પાંચ કરોડ ૨૬ લાખ ૯૦ હજાર ૧૪૬ મતદારો તેમના ભાવિનો નિર્ણય કરશે. સાંજે ૬ વાગ્યા સુધી મતદાન ચાલશે. પરિણામ ૩ ડિસેમ્બરે આવશે. પાંચ વર્ષ પહેલા ૨૦૧૮માં ૭૪.૦૬ ટકા મતદાન થયું હતું. હંમેશાંની જેમ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય મુકાબલો છે. આ ચૂંટણીના પરિણામો નક્કી કરશે કે રાજસ્થાનમાં દર વખતે સરકાર બદલવાનો ટ્રેન્ડ ચાલુ રહેશે કે આ વખતે આ પરંપરા બદલાશે.

મુખ્યમંત્રી નહી બનવાના સવાલ પર સચિન પાયલટે કહ્યું કે નસીબમાં જે લખ્યું છે, તેને કોઈ છીનવી શકતું નથી અને જે લખ્યું નથી તે કોઈ આપી શકતું નથી. પાર્ટીની વિચારધારા સૌથી આગળ છે. અહીં દરેક વ્યક્તિ ચૂંટણી લડે છે. કોઈ ચૂંટણી લડી શકતું નથી, જીતી શકતું નથી કે હારી શકતું નથી.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અયોધ્યા ખાતે રામલલ્લાનાં દર્શન કરશે : જાપાન - સીંગાપુરનાં વિદેશ પ્રવાસે જશે

અમદાવાદ તા. ૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાત વાયબ્રન્ટ સમિટ અંતર્ગત જાપાન અને સિંગાપુરના વિદેશ પ્રવાસે જવાના છે. વિદેશ પ્રવાસ જતા પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અયોધ્યાની મુલાકાતે ગયા છે. અયોધ્યા ખાતે મુખ્યમંત્રી રામ લલ્લાની પુજા કરશે. આ ઉપરાંત રામ મંદિર નિર્માણની મુલાકાત લેશે અને નિરિક્ષણ કરશે. યુપી સરકાર દ્વારા શાહનવાઝપુરમાં ગુજરાત ભવન માટે ફાળવવામાં આવેલી જગ્યાની પણ સમીક્ષા કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રામલલ્લાનાં દર્શન કર્યા બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ વિદેશ પ્રવાસે રવાના થશે. વાયબ્રન્ટ ગુજરાત સમિટ અંતર્ગત ભૂપેન્દ્ર પટેલ બે દેશના પ્રવાસે જશે. જેમાં જાપાન અને સિંગાપુરનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી પટેલ સાથે બે સિનિયર આઈએએસ અધિકારીઓ સહિત અધિકારીઓનું ડેલિગેશન પણ તેમની સાથે જશે. તારીખ ૨૭ નવેમ્બરે ૭ અધિકારીઓ સાથે મુખ્યમંત્રી વિદેશ યાત્રાએ જશે અને તેઓ ગુજરાતના મુડીરોકાણને પણ પ્રોત્સાહિત કરશે.

## ગુજરાતમાં માવઠાનો માહોલ : શિયાળે ચોમાસાનો અનુભવ : અંકલેશ્વરમાં ધોધમાર વરસાદ

સુરત તા. ૨૫

હવામાન વિભાગ દ્વારા ગુજરાતના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડવાની આગાહી કરવામાં આવી હતી. આજે વહેલી સવારે દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ક્યાંક ધીમીધારે તો ક્યાંક મુશળધાર વરસાદ વરસ્યો હતો.

ભર શિયાળે ચોમાસુ જામ્યું હોય તેવો માહોલ જોવા મળ્યો છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા આજથી ૨૭ નવેમ્બર સુધી એમ ત્રણ દિવસ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે. જેને લઈને રાજકોટના માર્કેટિંગ યાર્ડના તંત્રએ આજથી ત્રણ દિવસ મરચાં-મગફળીની આવક બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. જ્યારે જૂના માર્કેટિંગ યાર્ડમાં શનિ-રવિ ડુંગળીની આવક બંધ કરવામાં આવી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આજે દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો છે. વહેલી સવારે દક્ષિણ ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના અનેક ગામોમાં અમી છાંટણા અને ઝરમર વરસાદ વરસ્યો હતો. તો અંકલેશ્વર જિલ્લાના અનેક ગામોમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદને પગલે ભર શિયાળે જાણે ચોમાસું જામ્યું હોય તેવો માહોલ જોવા મળ્યો હતો. તો બીજી તરફ ધોધમાર વરસાદને કારણે રસ્તાઓ પર વિઝીબીલીટી પણ ઓછી થઈ ગઈ છે.

## અસાધ્ય રોગોની ૮ દવાઓ ૧૦૦ ગણી સસ્તી થશે રૂા. ૧૦૦ની દવા રૂા.૧માં મળશે



નવી દિલ્હી,તા.૨૫

ભારતને ૬ દુર્લભ બિમારીઓની ૮ દવાઓ તૈયાર કરવામાં સફળતા મળી છે. અત્યાર સુધી આ દવાઓ પર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ આવતો હતો પણ હવે આવી ૪ દવાઓ દેશમાં બનવી શરૂ થઈ ગઈ છે. ત્યારબાદ ઉપચાર ખર્ચ ઘટીને માત્ર કેટલાક લાખ થઈ ગયો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવીયા અને નીતિ આયોગના સભ્ય (સ્વાસ્થ્ય) ડો. વી.કે.પોલે પત્રકાર સંમેલનમાં જણાવ્યું હતું કે, સરકારે ઉદ્યોગજગતની સાથે ૧૩ અસાધ્ય બીમારીઓની દવા ભારતમાં બનાવવાનો નિર્ણય લીધો હતો. અત્યાર સુધીમાં ૪ દવાઓ બજારમાં ઉતારવામાં આવી છે, અન્ય ૪ દવાઓ તૈયાર છે, પણ તે મંજુરીની પ્રક્રિયામાં છેધ્ તેમણે જણાવ્યું હતું કે, યકૃત સાથે જોડાયેલી બીમારી ટાઈરોસિનેમિયા ટાઈપ-૧ની સારવાર માટે ઉપયોગી કેપ્સુલ નિટિસિનોમથી એક બાળકની સારવારનો ખર્ચ વાર્ષિક ૨.૨ કરોડ રૂપિયા આવે છે. હવે તેનો વાર્ષિક ખર્ચ અઢી લાખ થઈ જશે. અન્ય દુર્લભ રોગોની દવા ૬૦ ગણી ઓછી થઈ છે, જેનો ઉપચારનો ખર્ચ વાર્ષિક ૧.૮ કરોડથી ૩.૬ કરોડ સુધીનો હતો, હવે તે ભારતીય દવાથી ૩.૬ લાખ રહી ગયો છે.

## લોન ડીફોલ્ટનાં કેસમાં વધારો થતાં બેંકો ચોંકી : હવે ઈન્કમટેકસ રીટર્નની ખરાઈ કરાશે

નવી દિલ્હી,તા.૨૫

બેંકોની આડેધડ લોન સામે એનપીએનાં જોખમથી રીઝર્વ બેંકે સખ્ત્રી અપનાવી છે ત્યારે હવે લોન આપવાના નિયમો વધુ કડક બનાવવાની તૈયારી શરૂ કરવામાં આવી છે.લોન માંગતા અરજદાર ગ્રાહકનાં આવકવેરા રીટર્નની ચકાસણી પણ કરવામાં આવશે.

બેંકો લોન મંજુર કરતા પૂર્વે અરજદાર ગ્રાહકના વિવિધ દસ્તાવેજો ચકાસે જ છે. પરંતુ તે સાચા જ છે કે કેમ તેના પરીક્ષણ માટે નેશનલ સિકયોરીટી ડીપોઝીટરી મારફત અરજદારનું રીટર્ન ચકાસવાની છૂટ આપવા બેંકોએ સરકાર પાસે મંજુરી માંગી છે.અત્યારે સત્યતા ચકાસવા માટે કોઈ વ્યવસ્થા નથી લોન મેળવવા ગ્રાહકો રીટર્નમાં ગોટાળા કરીને ઉંચી આવક દર્શાવતા દસ્તાવેજો રજુ કરી દેતા હોય છે આવા અનેક કિસ્સાનો ભાંડો ફૂટયો છે અને જેના કારણે લોન ડીફોલ્ટના કિસ્સાઓમાં મોટો વધારો થયો છે. બેંકોએ ગ્રાહકોનાં આવકવેરા રીટર્નની ઓનલાઈન ચકાસણી કરવા દેવા આવકવેરા વિભાગ માટે વ્યવસ્થા કરવા સરકાર પાસે મંજુરી માંગી છે. બેંકોનો એવો દાવો છે કે આવકવેરા રીટર્નની ચકાસણી શકય બનવાના સંજોગોમાં લોન પ્રક્રિયા વધુ સરળ થઈ શકશે અને લોનની મંજુરી સરળ બનશે.સરકાર દ્વારા છુટ મળવાના સંજોગોમાં લોકો સીધી જ પોર્ટલ પર દસ્તાવેજોની સત્યતા ચકાસી શકશે.પાન કાર્ડ ચકાસણી માટે ઓનલાઈન સુવિધા જેવી આ વ્યવસ્થા બનશે.

## આગામી ૩૦૦ વર્ષમાં વિશ્વની વસ્તી ૮ અબજથી ઘટીને ૨ અબજ થઈ જશે

નવી દિલ્હી તા. ૨૫ :

વિશ્વની વધતી વસ્તી વચ્ચે રાહતના સમાચાર સામે આવ્યા છે. વિશ્વના ઘણા દેશોમાં જન્મદરમાં નોંધપાત્ર સુધારો થયો છે. ભારતે પણ આ મામલે શાનદાર પ્રદર્શન કર્યું છે. એક રિપોર્ટ અનુસાર આગામી ૩૦૦ વર્ષમાં વિશ્વની વસ્તી ૮ અબજથી ઘટીને ૨ અબજ થઈ જશે. વર્તમાન સમયની વાત કરીએ તો એકલા ભારત અને ચીનની વસ્તી ૩ અબજની આસપાસ છે. જો કે, રિપોર્ટ અનુસાર, ૨૦૫૦ અને ૨૦૮૦ની વચ્ચે વિશ્વની વસ્તી તેની મહત્તમ ૧૦ અબજની આસપાસ પહોંચી જશે. આ પછી તેમાં ઘટાડો જોવા મળશે.

યુનિવર્સિટી ઓફ ટેક્સાસના પોપ્યુલેશન રિસર્ચ સેન્ટરમાં કામ કરતા મહાન અર્થશાસ્ત્રી ડીન સ્પીયર્સે ધ ન્યૂયોર્ક ટાઈમ્સ માટે લખેલા તેમના લેખમાં ઘણા ખુલાસા કર્યા છે. તેમણે કહ્યું છે કે આગામી ૩૦૦ વર્ષમાં વિશ્વમાં મનુષ્યનો જન્મ દર ૧.૫ની આસપાસ રહેશે. હાલમાં ઘણા દેશોમાં તે ૨ થી વધુ છે. ૨૦૨૨માં દક્ષિણ આફ્રિકામાં જન્મ દર ૨.૧ની આસપાસ, ઈન્ડોનેશિયામાં ૧.૯ અને ભારતમાં ૧.૮ની આસપાસ રહેશે.

ભારતે જન્મ દર વધારવાની બાબતમાં ઘણો સુધારો કર્યો છે. ૨૦૨૦ માં તે ૨ ની નજીક હતો. હવે તે ઘટીને ૧.૮ થઈ ગયો છે. તે વધુ નીચે જવાની સંભાવના છે. હાલમાં ભારતમાં સૌથી વધુ યુવાનો છે. સૌથી વધુ વસ્તી સરેરાશ ૨૮ વર્ષની છે. જોકે, ૨૦૪૮ સુધીમાં તે વધીને ૪૦ થઈ શકે છે. જાપાનની વાત કરીએ તો તે હજુ ૪૯ની આસપાસ છે.

વિશ્વના ઘણા દેશોમાં જન્મદરમાં સુધારો થયો છે, પરંતુ આજે પણ ઘણા દેશો એવા છે જયાં પરિસ્થિતિ સારી નથી. તે દેશોમાં કોંગો, નાઈજીરિયા અને ઈથોપિયાનો પણ સમાવેશ થાય છે, જેને ભારત પાસેથી શીખવાની જરૂર છે.

૧૯૮૧ અને ૨૦૨૦ની વચ્ચે, ભારતના ૧૨ રાજયોએ જન્મ દરની દ્રષ્ટિએ ઉત્તમ કાર્ય કર્યું છે. હરિયાણામાં જન્મદરમાં ૬૦ ટકા, આંધ્રપ્રદેશ, પંજાબ અને પ.બંગાળમાં ૬૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક, ઓડિશા, મહારાષ્ટ્ર અને તમિલનાડુ જેવા રાજયોમાં પણ ૫૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે

## ઉત્તરકાશીમાં ટનલમાં ફસાયેલા ૪૧ મજુરોને બચાવવા હવે હાથથી ખોદકામ કરાશે



ઉત્તરકાશી તા.૨૫

હવે ઉત્તરાખંડની ઉત્તરકાશી ટનલમાં ૧૪ દિવસથી ફસાયેલા ૪૧ મજૂરને બચાવવા માટે મેન્યુઅલ ડ્રિલિંગ એટલે કે હાથેથી ખોદકામ કરી શકાય છે. રેસ્ક્યૂ-ઓપરેશનમાં જોડાયેલા એક અધિકારીએ આ શક્યતા વ્યક્ત કરી છે. ખરેખર ગુરુવાર બપોરથી ટનલમાં ડ્રિલિંગ બંધ થઈ ગયું છે.

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયના અધિક સચિવ મહેમૂદ અહેમદે શુક્રવારે કહ્યું હતું કે ૪૬.૮ મીટરનું ડ્રિલિંગ કરવામાં આવ્યું છે. હજુ ૧૨ મીટરનું ડ્રિલિંગ બાકી છે, પરંતુ ક્યારેક સળિયા તો ક્યારેક પથ્થરો મજૂરો સુધી પહોંચવામાં અડચણ બની રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે ટનલમાં દરેક ૬-૬ મીટરની બે પાઈપ નાખ્યા પછી સફળતા મળી શકે છે. જો બ્રેક થ્રુ ન મળે તો ત્રીજી પાઈપ નાખવાની તૈયારીઓ ચાલી રહી છે. ગ્રાઉન્ડ પેનિટ્રેશન રડાર અભ્યાસમાં બહાર આવ્યું છે કે આગામી પાંચ મીટરમાં કોઈ અવરોધ નથી.

મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફ્લોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ / ૯૪૨૯૭ ૭૫૦૭૫

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | ઠાકરથાળ
સુવિધાઓ ● બેન્કવેટ હોલ ● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ ● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

ખોડલધામ ટુર
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

નૂતનવર્ષાભિનંદનની શુભેચ્છા...
પી.એમ. રામદત્તી
એડવોકેટ એન્ડ નોટરી ભારત સરકાર
અમો નીચે મુજબનાં કામ કરીએ છીએ
● દસ્તાવેજ ● વાહન વેચાણ કરાર
● ટ્રાન્સલેશન ● વારસાઈ આંબો
● વીલ (વસીયતનામુ) ● વારસાઈ એન્ટ્રી
● કુલ મુખત્યારનામુ (પાવર ઓફ એટર્ની) ● આવકનો દાખલો
● નોન ક્રિમીલેયર
● ખેતી/મકાનનાં સાટાખત ● પ્રોમીસરી નોટ
● જમીન ઉઘડ કરાર ● સોગંદનામા
● મકાન ભાડા કરાર ● ઈ-સ્ટેમ્પ મળશે
ઓફીસ નં.૯, રઘુવીર એપાર્ટમેન્ટ, કાકા કોમ્પ્લેક્ષની પાછળ, પટેલ પાન વાળી શેરી, સાગર સર્વિસ સ્ટેશનની સામે, ઝાંસીની રાણીનાં પુતળા પાસે, સરદારબાગ, જૂનાગઢ
મો. ૯૫૮૬૪ ૬૪૫૭૭

HOPE
DIABETES CLINIC AND RESEARCH CENTRE
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
હવેથી નવું સરનામું નોંધી લેશો
૨૦૨, બીજો માળ, દાસારામ પ્રાઈમ-૨, સંકલ્પ હોટલની ઉપર, ફળદુ વાડીની બાજુમાં, ઝાંઝરડા - મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

"2023 ભારત સરકાર દ્વારા નવા નિયમ મુજબ"
CNG સિલિન્ડરનું રીટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર ફરજીયાત આવવું પડશે કેમ કે ?..
એ. એસ. ઓટો ગેસ
(સરકાર માન્ય (PESO) ટેસ્ટીંગ પ્લાન્ટ)
ખામધ્રોળ ચોકડી, ટોરેન્ટ CNG પંપની બાજુમાં, જૂનાગઢ
(૧) ટેસ્ટીંગ પ્લાન્ટ ઉપર ગાડી નંબર પ્લેટ ફોટો સ્ટાફ સાથે પડશે
(૨) સિલિન્ડરનો ફોટો સ્ટાફ સાથે પડશે ઉપરોકત બન્ને ફોટા આપના સર્ટીફીકેટમાં આવશે.
જેમ "P.U.C." માટે સ્ટેશન ઉપર જવુ પડે તેમ ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવવું ફરજીયાત છે.
ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવો સમય - રૂપિયાની બચત કરો
A. S. AUTO GAS
96383 23542 / 98984 48644

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પી.એમ. સ્વનિધિ યોજનાના લાભાર્થી શેરી-ફેરિયાઓ માટે સ્નેહ મિલન સમારંભ યોજાયો






## ગુજરાતમાં અત્યાર સુધી કુલ ૪.૧૦ લાખ શેરી ફેરિયાઓને લોન અપાઈ– રાજ્યની તમામ મહાનગરપાલિકા દ્વારા લક્ષ્યાંક પૂર્ણ

ગાંધીનગર તા.૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત શેરી ફેરિયાઓ માટે સ્નેહ મિલન સમારંભનું આયોજન કરાયું હતું. પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત ગુજરાતમાં અત્યાર સુધી કુલ ૪.૧૦ લાખ શેરી ફેરિયાઓને પ્રથમ, દ્વિતિય અને તૃતિય લોન મળી કુલ રૂ.૭૦૩.૭૨/- કરોડ રૂપીયાની લોન આપવામાં આવી છે. રાજયની તમામ મહાનગરપાલિકા દ્વારા લક્ષ્યાંકને પુર્ણ કરાયા છે. અમદાવાદ નગરપાલિકા ૧.૧૪ લાખ શેરી ફેરીયાઓને લોન આપી પ્રથમ ક્રમે રહી છે. પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા આપવામાં આવેલ લક્ષ્યાંક ૧૦૦ % પુર્ણ કરી ગુજરાત રાજ્ય સમગ્ર ભારતમાં દ્વિતિય સ્થાન ધરાવે છે.

આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા covid-19 થી અસરગ્રસ્ત શેરી ફેરીયાઓ તેમની આજીવિકા માટે તેમનો વ્યવસાય શરુ કરી શકે તે હેતુથી શેરી ફેરીયાઓને વર્કીંગ કેપિટલ લોન અપાવવા ‘PM streª Vendors Atma Nirbhar Nidhi (PM SVANidhi) યોજના લાગુ કરવામાં આવી છે. પી.એમ.સ્વનિધિ યોજના થકી લોન મેળવી શેરી ફેરિયાઓ તેમના વ્યવસાયમાં વૃધ્ધિ કરી આત્મનિર્ભર બની રહ્યા છે.

મુખ્યમંત્રીએ ઉપસ્થિત શેરી ફેરીયાના પરિવાર્જનોને નૂતન વર્ષ નિમિતે શુભકામના પાઠવી જણાવ્યું હતું કે, સ્નેહમિલન એ પરિવારજનો સાથે ઉજવાય તે આપણી સંસ્કૃતિ રહી છે.

પી.એમ. સ્વનિધિયોજના દ્વારા શેરી ફેરીયાઓને પ્રથમ રૂ.૧૦,૦૦૦/- સુધીની વર્કીંગ કેપીટલ લોન મળવા પાત્ર છે, જે પુર્ણ થયેથી દ્વિતિય લોન રૂ.૨૦,૦૦૦/- અને ત્યારબાદ તૃતિય લોન રૂ.૫૦,૦૦૦/-ની મળવા પાત્ર છે. જેમાં કોઈપણ પ્રકારની સીક્યુરીટી આપવાની રહેતી નથી. સમયસર કે વહેલા લોનની ભરપાઈ પર વાર્ષિક ૭ % વ્યાજ સહાય લાભાર્થીના બેંક ખાતામાં સરકાર દ્વારા DBTમારફતે જમા કરવામાં આવે છે. તેમજ શેરી ફેરીયાઓ દ્વારા કરવામાં આવતા ડીજીટલ ટ્રાન્જેક્શન ઉપર વાર્ષિક મહત્તમ રૂ.૧૨૦૦/- કેશ બેક મળવા પણ પાત્ર છે.


યોજનાઓના લાભાર્થિઓની આત્મનિરભર્તા અને તેમના જીવન સ્તરમાં આવેલ બદલાવ અંગે સંવાદ સાધવા, તેનાથી માહિતગાર થવા પી.એમ.સ્વનિધિ અંતર્ગત ‘સ્વનિધિ સે સમૃધ્ધિ’ કાર્યક્રમ અમલમાં મુકાયો છે. તેના ભાગ રૂપે અમદાવાદ ખાતે ‘પી.એમ.સ્વનિધિ સ્નેહ મિલન’ કાર્યક્રમ યોજાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૩૧ ડીસેમ્બર સુધી અમદાવાદ મહાનગરપાલિકામાં ૪, સુરત મહાનગરપાલિકામાં ૪, વડોદરા મહાનગરપાલિકામાં ૨, રાજકોટ મહાનગરપાલિકામાં ૨, ભાવનગર મનપામાં ૧, જામનગર મનપામાં ૧, જુનાગઢ મનપામાં ૧ તથા ગાંધીનગર મનપામાં ૧ એમ કુલ મળી ૧૬ કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નાનામાં નાનો માણસ આર્થિક રીતે પગભર બને તે દિશામાં સરકાર કાર્ય કરી રહી છે. ફેરિયાઓ અને લારી ગલ્લા ધારકોને બેંકમાંથી લોન લેવી મુશ્કેલ અને બહારથી વ્યાજે પૈસા લેવા પણ અતિ મુશ્કેલ કામ હોય છે ત્યારે તમામ શેરી ફેરિયાઓ માટે પી.એમ.સ્વનિધિ યોજના એક આદર્શ યોજના પુરવાર થઈ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ ભારતની મૂવમેન્ટ હાથ ધરી તેના પગલે આજે શાકભાજી વાળા, લારી ગલ્લા ધારકો અને તમામ નાના વેપારીઓને ત્યાં ડિજિટલ પેમેન્ટ થકી ખરીદી વેપાર થઈ રહ્યા છે. આજે વિશ્વમાં સૌથી વધુ ડિજિટલ પેમેન્ટ ભારત કરી રહ્યું છે. એટલુ જ નહી આવનારા વર્ષોમાં આપણું ભારત વિકસિત ભારત બને માટે નવા વર્ષે શરુ કરાયેલી ’વિકસિત ભારત સંકલ્પ યાત્રા’ અંતર્ગત વિવિધ સરકારી યોજનાઓના લાભ લોકોને ઘર બેઠા મળી રહે તે પ્રકારનું આયોજન કરાયું છે.

પી.એમ. સ્વનિધિ યોજનામાં બેંકોનો પણ સહયોગ હોવાથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિવિધ બેંકોના પ્રતિનિધિઓને પ્રશસ્તિ પત્ર એનાયત કરાયા હતા. આ ઉપરાંત પી.એમ. સ્વનિધિ યોજના થકી પોતાના જીવનમાં આર્થિક ઉન્નતિ પામેલ મહિલાઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા.

# સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ મહિલાપાંખ દ્વારા ઓનલાઈન તુલસી વિવાહ હરીફાઈ યોજાઈ




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

દેવ દિવાળીના શુભ દિવસે તુલસી વિવાહ વધુ સારી રીતે ઉજવાઈ તે માટે નવેમ્બર મહિનામાં યોજાયેલી મિટિંગમાં નક્કી થયાં મુજબ સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ મહિલા પાંખ જૂનાગઢ દ્વારા ઓનલાઈન તુલસી વિવાહની હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું જે અનુસંધાને સમસ્ત બ્રહ્મ સમાજની બહેનોએ હોંશભેર ભાગ લીધો હતો અને બહેનો દ્વારા ખુબ સરસ તુલસીજી અને વિષ્ણુ ભગવાનના શણગાર કરી પૂજા કરેલ હતી આંગણે રંગોળીઓ કરેલ અને ખુબ જ સરસ શણગાર સાથે પૂજા અર્ચન થાળ ને ભોગ ધરાવી ભગવાનના વિવાહ કરેલ હતાં. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ મહિલા પાંખનાં પ્રમુખ ગીતાબેન જોષી અને સમસ્ત બ્રહ્મ યુવા ટ્રસ્ટ મહિલા પાંખનાં બહેનોએ જહેમત ઉઠાવી હતી.

# ભેંસાણ પંથકમાં વધુ એક પાંચ વર્ષની બાળકીને દિપડાએ ફાડી ખાધી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

ભેંસાણ તા.૨૫

ગિરનારની પરિક્રમા દરમ્યાન રાજુલા તાલુકાના વિકટરનો એક પરિવાર પરિક્રમા માટે આવેલ હતો. આ દરમ્યાન આ પરિવારની ૧૧ વર્ષની દિકરી ઉપર દિપડાએ હુમલો કરી અને તેનું મોત નિપજાવવાના બનાવની શાહી હજુ સુકાઈ નથી ત્યાં વધુ એક બનાવ સામે આવ્યો છે. દિપડાનો હુમલાનો ભોગ બનેલી એક પાંચ વર્ષની બાળા મૃત્યુંને ભેટી છે. આ બનાવ અંગે ભેંસાણ પોલીસે આપેલી વિગત અનુસાર ખાખરા હડમતીયા વિસ્તારમાં જેન્તીભાઈ નથુભાઈ આસોદરીયાની વાડી નજીક બનેલા બનાવમાં મુળ મધ્યપ્રદેશના પરિવારના પાયલબેન છોટુંભાઈ ગ્યાસિયા ખેડે(ઉ.વ.૫) નામની આ બાળા તેના માતા-પિતા સાથે વાડીએથી ઘર તરફ આવતા હતા તે દરમ્યાન દિપડાએ હુમલો કરતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે ભેંસાણ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાળિયા નજીકથી ટ્રકમાં અનધિકૃત રીતે વહન થતો બોકસાઈટનો જથ્થો ઝડપાયો



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લા એલસીબી પોલીસને કલ્યાણપુર તાલુકાના નંદાણા ગામેથી બોકસાઈટનો જથ્થો ભરીને એક ટ્રક ખંભાળિયા તરફ રવાના થયો હોવાની ચોક્કસ બાતમી મળતા આ અંગે અહીંની પાયલ હોટેલ પાસેથી પસાર થતા જી.જે. ૩૭ ટી. ૯૩૮૭ નંબરના ટ્રકને અટકાવી અને ચેકિંગ કરવામાં આવતા આ ટ્રકમાં લઈ જવાતો ૫૪ ટન જેટલો અનધિકૃત મનાતો બોકસાઈટનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે ટ્રક તથા બોકસાઈટનો જથ્થો કબજે કરી, આગળની કાર્યવાહી માટે ખાણ ખનીજ વિભાગને રિપોર્ટ કરવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના ઈન્ચાર્જ પી.આઈ. બી.એમ. દેવમુરારીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, મસરીભાઈ ભારવાડીયા, ભરતભાઈ જમોડ, લાખાભાઈ પિંડારિયા તથા દિનેશભાઈ માડમ દ્વારા કરવામાં આવી હતી.

# શીલ ગામે સ્વામીનારાયણ ભગવાનની સત્સંગ સભા યોજાતાં સંતોની પધરામણી



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૫

માંગરોળ તાલુકાના શીલ ગામે ધનસુખભાઈ પંડિત, નિલેષભાઈ જોષી, લખમણભાઈ ભુવા દ્વારા સત્સંગ સભા અને ૩ કલાકની સ્વામીનારાયણ ભગવાનની ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લોએજથી સ્વામીનારાયણ મંદિરના સંત મુક્ત સ્વરૂપ સ્વામી, માધવપ્રિય સ્વામી, નિર્મળ સ્વામી પધારતાં તેમના પૂજન અર્ચન બાદ સભાની પૂર્ણાહૂતી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં હરીભકતોએ લાભ લીધો હતો.

# ગિરનાર પરિક્રમામાં આજે અને આવતીકાલે માવઠાનું સંકટ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

હવામાન વિભાગની પ્રાદેશિક કચેરીએ કરેલી આગાહી અનુસાર સૌરાષ્ટ્ર-કચ્છ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શકયતા દર્શાવવામાં આવી છે. ગઈકાલે જૂનાગઢ શહેરમાં પણ મોડી રાત્રીના ભારે પવન ફુંકાયો હતો. દરમ્યાન હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી છે ત્યારે આજે શનિવારે અને આવતીકાલે રવિવારે માવઠાના સંકટ પરિક્રમા ઉપર તોડાય રહ્યું છે. જંગલ વિસ્તારમાં પરિક્રમાનો રૂટ હોય ત્યાં વરસાદ પડે તો યાત્રિકોને અનેક મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી શકયતા છે અને જેને લઈને તંત્રની પણ મુશ્કેલી વધી જવાની છે.

## અવસાન નોંધ/ટેલીફોનિક બેસણું


ઉના : સ્વ.ધર્મેન્દ્રભાઈ હરગોવિંદભાઈ વડેરા કે જે નવનીતભાઈ હરગોવિંદભાઈ વડેરા, અશોકભાઈ હરગોવિંદભાઈ વડેરા, ઉર્મિલાબેન જશવંતભાઈ રૂપારેલ અને કિરણબેન મુકેશભાઈ સોમૈયાના નાના ભાઈ અને ઠાકરશી ગોવિંદજી તન્ના રાણાના જમાઈ તા.૨૨-૧૧-૨૩ બુધવારના રોજ સવારે ૦૬:૦૦ વાગ્યે શ્રીજી ચરણ પામેલ છે હાલ વડોદરા હોવાથી એમનું બેસણું ૨૩ તારીખે વડોદરામાં રાખવામાં આવેલું હતું હવે ટેલીફોનિક બેસણું છે. ટેલીફોનિક બેસણા માટે નવનીતભાઈ હરગોવિંદભાઈ વડેરા ૯૩૭૭૪ ૬૩૪૩૬, અશોકભાઈ હરગોવિંદભાઈ વડેરા ૯૯૦૪૩ ૯૫૫૦૭, ગીતાબેન ધર્મેન્દ્રભાઈ વડેરા ૯૯૯૮૫ ૭૭૮૧૧ અને મૌલિક ધર્મેન્દ્રભાઈ વડેરા ૯૬૮૭૧૩૦૧૪૭


દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક • ટચૂકડી જાહેર ખબર • જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીક્સ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
તહેવારો સબબ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે તેમજ ભેંસનું લેબોરેટરી ટેસ્ટ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧

ભેળસેળ સાબીત કરનારને ઈનામ રૂા. ૧ લાખ
૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૨૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૪૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૬૦૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોનઃ ૨૬૨૨૮૮૮

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીલ આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

# જૂનાગઢમાં બે દિવસીય રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૩ને ખુલ્લો મુકતા ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા



## ખેડૂતોને કૃષિલક્ષીમાર્ગદર્શન આપવાની સાથે તેમને મુંજવતા પ્રશ્નોનું તજજ્ઞો દ્વારા સમાધાન કરાયું : યોજનાકીય અને ખેતિલક્ષી વિષયોને આવરી લેતા પ્રદર્શનનો લાભ લેતા ખેડૂતો

જૂનાગઢ, તા.૨૫

ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ બે દિવસીયરવિ કૃષિ મહોત્સવને ખુલ્લો મુકતા કહ્યું કે, આગામી સમયમાં પ્રાકૃતિક કૃષિનો જમાનો આવવાનો છે. આમ, તેમણે ગાય આધારિત કૃષિ અપનાવી, ખેડૂતોને વેપારીને જેમ ખેતી અપનાવવા માટે હિમાયત કરી હતી.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે ધારાસભ્ય સંજયભાઈ કોરોડિયા અધ્યક્ષસ્થાને યોજાયેલા આ રવિ કૃષિ મહોત્સવમાં ખેડૂતોને કૃષિ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવાની સાથે તેમને મંજૂવતા પ્રશ્નોનું પ્રશ્નોત્તર દરમ્યાન સમાધાન કરવામાં આવ્યું હતું. આ સાથે કૃષિલક્ષી યોજનાઓ, પ્રાકૃતિકઅને બાગાયત ખેતી, કૃષિ ટેકનોલોજી સહિતના બાબતોને આવરી લેતું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. જેનો પણ મોટી સંખ્યમાં ખેડૂતોએ લાભ લીધી હતો. ધારાસભ્યે ખેડૂતોને સંબોધન કરતાં જણાવ્યું કે, ભારતમાં અર્થતંત્રનું ખેતી મહત્વનું પાસું છે, ત્યારે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૫માં કૃષિ મહોત્સવ શરૂ કર્યો હતો. જેના આજે સારા પરિણામો મળ્યા છે. આધુનિક ખેતી અને ટેકનોલોજી અપનાવવાથી ખેતી ખર્ચ ઘટે અને આવક વધે છે અને ખેડૂતો આર્થિક રીતે સમૃદ્ધ બને તે માટે કૃષિ મહોત્સવ સહિતની યોજનાઓના માધ્યમથી પ્રયાસ કરવામાં આવ્યા છે. તેમણે ગાય આધારિત ખેતીની હિમાયત કરતા કહ્યું કે, સમય સાથે અનુકૂલન સાધવું પડે છે, ત્યારે ગાયના દૂધ માટે અને તેના લાલન-પાલન માટે ગાય હોસ્ટેલનો કોન્સેપ્ટ અપનાવવો જોઈએ. ખેતીમાં ખેડૂતોએ નવીનતમ બાબતો અપનાવવી જોઈએ, શરૂઆતમાં કદાચ થોડી નુકસાની વેઠવી પડે પણ સમય જતા તેના લાભ પ્રાપ્ત થાય છે.

રાસાયણિક ખેતીથી લોકોના આરોગ્ય પણ વિપરીત અસર થઈ છે. કેન્સર જેવી ગંભીર બીમારીનું પ્રમાણ વધ્યું છે. ત્યારે આવનાર સમયમાં પ્રાકૃતિક ખેતી શ્રેષ્ઠ વિકલ્પો બની રહેશે. કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા મળતા લાભો-સબસીડીનો ઉલ્લેખ કરતા નર્મદા કેનાલ મારફત રાજ્યભરમાં પાણી પહોંચાડ્યું હોવાનું અને રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને અન્ય એક વીજ જોડાણ આપવાનો નિર્ણય કરાયો હોવાનું જણાવ્યું હતું. સંયુકત ખેતી નિયામક જી.એસ. દવે પ્રસંગોચિત ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. કૃષિ તજજ્ઞ ડો.પી.ડી.કુમાવતે ખેતી ખર્ચ ઘટાડવા સહિતની કૃષિલક્ષી બાબતો લઈ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. પ્રગતિશીલ ખેડૂત હિતેશભાઈ દોમડીયાએ પ્રાકૃતિક કૃષિ અને ધીરજભાઈ ભલાણીએ એફ.પી.ઓ. વિષે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત ખીમજીભાઈ હડિયાએ બાગાયત ખેતીના અનુભવો ખેડૂતો સમક્ષ મૂક્યા હતા. આ પ્રસંગે સબમીશન ઓન એગ્રી. એક્સટેન્શન માટે રૂા.૫૦,૦૦૦ના પુરસ્કાર સાથે આત્મા બેસ્ટ ફાર્મરનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. તેમજ પોંકિયા મંજુલાબેનને પશુપાલન માટે રૂા. ૧૦,૦૦૦ના પુરસ્કાર સાથે બેસ્ટ ફાર્મરનો એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. આ સાથે ખેડૂતોને ટ્રેક્ટર, રોટાવેટર, કલટીવેટર, પાવર થ્રેસર માટે યોજનાકીય લાભોનો વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ વી. પી. ચોવટીયા, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ મધુબેન પાથર, તાલુકા પંચાયતના સદસ્ય મંજુલાબેન ઢોલરીયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામક શ્રી માદરીયા, વિસ્તરણ નિયામક ડી. એન. જાદવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# નેચર ફર્સ્ટ સંસ્થા દ્વારા પરીક્રમામાં આવતા ભાવિકોને કાપડની થેલીનું વિતરણ કરાયું



જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢ નેચર ફર્સ્ટ સંસ્થા દ્વારા છેલ્લાં ૧૦૪ સપ્તાહથી પ્રકૃતિ પ્રથમના માધ્યમથી ગિરનાર જંગલમાં પ્લાસ્ટિક મુકત જંગલ અભિયાન ચલાવવામાં આવે છે અને અત્યાર સુધીમાં ગિરનાર ઉપરથી તથા ગિરનાર જંગલમાંથી ૧૭ ટન જેટલાં પ્લાસ્ટિકનો નાશ કરાયો છે તેમજ છેલ્લા બે વર્ષથી પરિક્રમા તથા શિવરાત્રી મેળા દરમ્યાન મેળામાં આવતા યાત્રાળુઓને પ્લાસ્ટિક ન વાપરવા સમજાવી અને પ્લાસ્ટિકની થેલીઓ લઈને કાપડ (કોટન)ની થેલીઓ વિતરણ કરવામાં આવે છે. જેનાં અનુસંધાને પરિક્રમામાં આવતા યાત્રાળુઓને કાપડ (કોટન)ની થેલીઓ વિતરણ કરવામાં આવી હતી અને જંગલમાં પ્લાસ્ટિકની થેલીઓ, પ્લાસ્ટિકની બોટલો, પાન-માવાના કાગળિયાં સહિત અન્ય પ્લાસ્ટીક જંગલમાં ન વાપરવું તથા જંગલમાં જ્યાં ત્યાં કચરો ન કરવા સમજાવટ સાથે સફાઈ કાર્ય કર્યું હતું. પરિક્રમા દરમ્યાન પરિક્રમા રૂટ ઉપર તેમજ સામાન્ય દિવસોમાં પણ લોકોમાં પર્યાવરણ બચાવ અંગે જાગૃતિ આવે તે માટે નેચર ફર્સ્ટ દ્વારા સતત સક્રિય રીતે કાર્ય કરવામાં આવી રહ્યું છે.

# જૂનાગઢ જીલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો થયેલ પ્રારંભ

## વંથલી ખાતે જીલ્લા સમાહર્તા અનિલકુમાર રાણાવસિયા અને મહાનુભાવોએ રથને પ્રસ્થાન કરાવ્યો

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ રથયાત્રાને જિલ્લા કલેકટર અનિલ રાણાવસીયા, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, સાવજડેરીનાં ચેરમેનશ્રી દિનેશભાઈ ખટારીયા, જિલ્લા પંચાયત પ્રમુખ મુકેશભાઈ કણસાગરા, તાલુકા અને જિલ્લા પંચાયતનાં સભ્યશ્રીઓ અને વંથલી અને કેશોદ તાલુકાનાં ગામડામાંથી પધારેલ સરપંચશ્રીઓની ઉપસ્થિતીમાં પ્રસ્થાન કરાવવામાં આવ્યો હતો.

સરકારી યોજનાઓનો છેવાડાનાં અંત્યોદય પરિવાર સુધી લાભ પહોંચે અને કોઈ લાભાર્થી છૂટી ન જાય એ સંકલ્પ



સાથે વિકસિત ભારત સંકલ્પ યાત્રાને વંથલી માર્કેટિંગ યાર્ડ ખાતેથી પ્રારંભ થયો છે, આ રથયાત્રાને પ્રસ્થાન કરાવતા જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશવ્યાપી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો છે. જે અંતર્ગત યોજનાકીય માહિતી સાથે તૈયાર કરવામાં આવેલ આધુનિક વિકસીત ભારત સંકલ્પ રથ ગામે-ગામ ભ્રમણ કરશે. સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી ગ્રામજનો સુધી પહોંચે અને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ ગ્રામજનો મેળવે આવા ઉમદા ઉદ્દેશ્યો સાથે આ રથ ગ્રામ્ય વિસ્તારમાં પરિભ્રમણ કરનાર છે. ગામે-ગામ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સ્વાગત થશે. વિકસિત ભારતના સંકલ્પ લેવડાવવામાં આવશે અને વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના આયોજનનો મુખ્ય ઉદ્દેશ છેવાડાના માનવી કે જે વિવિધ યોજનાઓનો લાભ લેવા પાત્ર છે. પરંતુ લાભો મળ્યા નથી તેમના સુધી પહોંચવાનો છે, ઉપરાંત યોજનાઓની માહિતીનો પ્રચાર પ્રસાર કરી નાગરિક નાગરિકોમાં જાગૃતિ લાવવા સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કરી તેમના અનુભવ જાણવા તેમજ યાત્રા દરમિયાન નિશ્ચિત વિગતો દ્વારા સંભવિત લાભાર્થીઓની નોંધણી કરાવી તેમને પણ સરકારી યોજનાઓનો લાભ અપાવી ૧૦૦ ટકા લક્ષ્યાંક હાંસલ કરવાના ઉદ્દેશ્ય સાથે આ યાત્રા યોજાઈ રહી છે. જનસેવાના ઉદ્દેશો સાથે યોજાનાર વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી અને લાભો પાત્રતા ધરાવતા નાગરિકોને આપવામાં આવશે. યાત્રા દરમિયાન પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીઓને વિવિધ યોજનાઓ હેઠળ આવરી લેવાના આયોજન સાથે યોજનાનો ૧૦૦ લક્ષ્યાંક પ્રાપ્ત કરવા માટે ગામડાઓમાં સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. વિકસિત ભારત સંકલ્પ રથયાત્રા દરમ્યાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના, દિનદયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્વલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન નીધિ યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જન ધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની સત્તર યોજનાઓને આવરી લેવામાં આવી છે

સહકારી અગ્રણી અને સાવજડેરીનાં ચેરમેન દિનેશભાઈ ખટારીયાએ વિકસીત ભારત સંકલ્પ યાત્ર દરમ્યાન સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી મેળવી મળવાપાત્ર યોજનાઓનાં લાભ મેળવવા લોકોને જણાવ્યું હતું.

# રાજકોટ જીવનનગરમાં તુલસી વિવાહની ઐતિહાસિક ઉજવણી સંપન્ન

## ગણાત્રા, ગંગદેવ પરિવારે ઠાકોરજી, તુલસીજીના લગ્નમાં યજમાનપદે સંપન્ન : મહાદેવધામમાં શ્રધ્ધાળુઓ ઉમટી પડયા



રાજકોટ, તા.૨૫


રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, તુલસી વિવાહ સમિતિ, મહિલા મંડળના સંયુકત ઉપક્રમે ૪૧માં વર્ષે તુલસી વિવાહની ઐતિહાસિક ઉજવણી કરવામાં આવી હતી. આધ્યાત્મિકતા સાથેનું વિજ્ઞાન એટલે જીવનનગર સમિતિએ સાર્થક કર્યું છે. તુલસી વિવાહમાં શ્રધ્ધાળુઓ ઉમટી પડી ઠાકોરજી, તુલસીજીના લગ્ન સમારોહમાં ભાગ લીધો હતો.

ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે મંગલ કાર્યનું ઉદ્દઘાટન કરતાં જણાવ્યું કે આ વિસ્તારમાં જીવનનગર સમિતિ અગ્રેસર છે. રાજય, કેન્દ્ર સરકારના કાર્યોની વિગત આપી રહીશોને મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. આધ્યાત્મિકતા સાથેનું વિજ્ઞાન જોવા મળે છે. મહિલા મંડળને અભિનંદન પાઠવ્યા હતા.

રાજકોટ મહાનગર-પાલિકાના ટાઉન પ્લાનીંગના ચેરમેન ચેતનભાઈ સુરેજા, નગરસેવક નિરૂભા વાઘેલા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, શહેર ભાજપના મંત્રી વિજયભાઈ પાડલીયા, મીડિયા સેલના શ્યાભાઈ કટ્ટા, પાર્થ ગોહેલ, વિનોદરાય ભટ્ટ, સુનિલભાઈ ગણાત્રા, ડો.નિરવભાઈ ગણાત્રા, હારિતભાઈ ગણાત્રા, કાજલબેન ગણાત્રા, ડો.અભય ગંગદેવ, ડો.ઈશિતા ગંગદેવે દિપ પ્રાગ્ટયમાં ભાગ લઈ ભગવાનના લગ્ન સમારોહમાં યોગદાન આપી ધન્યતા અનુભવી હતી.

સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ મહેમાનોનું સ્વાગત કરી સતત ૪૧ મા વર્ષ્રો આયોજનની વિગત આપી આગામી કાર્યક્રમોની જાહેરાત કરી હતી. મહિલા મંડળની ટીમ સાતત્યના કારણે ઠાકોરજીના વિવાહને સફળતા મળી છે. ગણાત્રા અને ગંગદેવ પરિવારના કુટુંબીજનોએ વિશેષ હાજરી આપી ધાર્મિક વિધિ–વિધાનમાં ભાગ લીધો હતો. જેમાં નૈષધભાઈ અમુભાઈ, સુનિલભાઈ ગણાત્રા, ડૉ. નિરવભાઈ ગણાત્રા, કૌશલભાઈ દર્શનભાઈ, હારિતભાઈ ગણાત્રા, જયભાઈ, આકાશભાઈ, પ્રેમલભાઈ, રમેશભાઈ કારીઆ, જયંતભાઈ કારીઆ, નરેશભાઈ કારીઆ, કાજલબેન ગણાત્રા, ભારતીબેન, ચંદ્રીકાબેન, છાયાબેન, સ્મિતાબેન, રીમાબેન, ચાર્મીબેન, હિનાબેન, કિંજલબેન, ધર્મિષ્ઠાબેન ઠકરાર, દિશાબેન, પૂજાબેન, ગંગદેવ પરિવારમાંથી નવીનભાઈ ગંગદેવ, ભારતીબેન, ભાવિનભાઈ, અલ્કાબેન, ડૉ. ઈશિતાબેન, ડૉ. અભયભાઈ ગંગદેવ પરિવારે ભગવાન શાલીગ્રામ, તુલસીજીના લગ્ન સમારોહમાં ભાગ લીધો હતો. મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, આશાબેન મજેઠીયા, શોભનાબેન ભાણવડિયા, હંસાબેન ચુડાસમા, જયોતિબેન પુજારા, યોગિતાબેન જોબનપુત્રા, અલ્કાબેન પંડયા, ભારતીબેન રાવલ, હર્ષાબેન પંડયા, ભારતીબેન ગંગદેવ, પ્રફુલ્લાબેન બોરીચા, ભદ્રાબેન ગોહેલ, સમિતિના વિનોદરાય ભટ્ટ, અનંતભાઈ ગોહેલ, પાર્થ ગોહેલ, અંકલેશ ગોહિલ અને રહીશોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ખંભાળિયાના હર્ષદપુર ગામે અમૃત સરોવરમાંથી ગાંડીવેલ દૂર કરાઈ




(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૫

પાણીના સંગ્રહથી સિંચાઈ વિસ્તાર વધવાની સાથે દરિયાઈ ખારાશ પણ આગળ વધતા અટકે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલેકટર અશોક શર્માના માર્ગદર્શન હેઠળ જન ભાગીદારી સાથે અમૃત સરોવરમાં પાણીના સંગ્રહમાં તે અડચણરૂપ એવી ગાંડી વેલ દૂર કરવામાં આવી છે. હાલ જિલ્લામાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે ત્યારે જળ શુદ્ધિકરણનું આ કાર્ય પ્રેરણાદાયી છે. લોકશક્તિને રચનાત્મક માર્ગે વાળીને જનભાગીદારીના અભિગમથી થતા વિવિધ સેવાકીય પ્રકલ્પો રાજ્ય સરકારના જનહિતના વિવિધ ઉદ્દેશોને આગળ વધારે છે. સ્વચ્છ ભારત મિશન હેઠળ શરૂ થયેલા “સ્વચ્છતા હી સેવા“ અભિયાનમાં નાગરિકો જોડાઈ રહ્યાં છે. આગામી તા. ૧૬ ડિસેમ્બર સુધી “સ્વચ્છતા હી સેવા“ અંતર્ગત વિવિધ સ્થળોની સફાઈ કરવામાં આવશે. ખંભાળિયાના હર્ષદપુર ગામે આવેલા અમૃત સરોવરમાંથી જળકુંભી (ગાંડીવેલ)ને દૂર કરવામાં આવી છે. ભૂસ્તરશાસ્ત્રી અને માઈન્સ એન્ડ મિનરલ એશોસીએશન દ્વારા હર્ષદપુર ગામે અમૃત સરોવરમાં ૬.૭૨ એકરમાં પથરાયેલી પર્યાવરણ માટે હાનીકારક જળકુંભી (ગાંડીવેલ) દૂર કરવામાં આવી છે. આ વેલ દૂર થવાથી પક્ષીઓની અવરજવર વધી છે. જળચર જીવ સૃષ્ટિને ફાયદો થશે તેમજ તળાવ શુદ્ધ થતા લોકો માટે ફરવાલાયક સ્થળ બન્યું છે. અમૃત સરોવરના નિર્માણ થકી જળસંગ્રહ વધતા પાણીના તળ ઊંચા આવશે અને ખેડૂતોને સિંચાઈમાં ફાયદો થશે. હર્ષદપુર ગામે થયેલ આ પ્રેરણાદાયી કાર્યને લોકોએ આવકાર્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કાયદાનાં શાસનમાં વિશ્વાસ વધારવા માટે ન્યાયલયોએ મહત્તમ પ્રયાસ કરવા પડશે

આ એક સ્થાપિત તથ્ય છેકે ન્યાય ભલે કાયદા દ્વારા સ્થઆપિત વ્યવસ્થાથી આપવામાં આવે કે તે પ્રાકૃતિક હોય, તેનો ઉદ્દેશ્ય હંમેશાં અર્થપૂર્ણ ન્યાય આપવાનો જ હોય છે. તેનું તાત્પર્ય એ છે કે જે વ્યક્તિ કે સંસ્થા સાથે અન્યાય થઈ રહ્યો છે, તેને દૂર કરવામાં આવશે. આ જ ભારતના ન્યાય તંત્રનું મૂળ તત્ત્વ છે. એવામાં જો ન્યાય મળવામાં વિલંબ થઈ રહ્યો હોય તો તે નિશ્ચિતપણે અર્થપૂર્ણ નહીં ગણાય. જોકે વિલંબિત ન્યાયના કેટલાંય કારણ છે, પરંતુ તારીખ પર તારીખનો અંતહીન સિલસિલો એટલે કે સ્થગનની કુસંસ્કૃતિ એક એવું કારણ સાબિત થઈ રહ્યું છે જે ભારતના ન્યાયિક તંત્રમાં ઊંડે પેસી ગયું છે. એટલું વધારે કે મુખ્ય ન્યાયાધીશે પણ તાજેતરમાં એને રેખાંકિત કરવા મજબૂર થવું પડ્યું. સ્થગનની આ કુસંસ્કૃતિ વસ્તુતઃ વાદીઓ અને પ્રતિવાદીઓ સાથે સીધી રીતે અન્યાયનું કારણ બની રહી છે. કોઈપણ વાદી પોતાના કેસની કાનૂની બારીકીઓથી અજાણ હોય છે અને તેના માટે તે પોતાના વકીલ પર નિર્ભર હોય છે. તે પોતાની ક્ષમતાથી ક્યાંય વધુ સમય અને પૈસા ખર્ચ કરે છે. સામાન્ય રીતે કેસના નિકાલમાં ત્રણ વર્ષ અને નવ મહિના લાગી જાય છે. સ્થગનની કુસંસ્કૃતિ બાબતો પડતર રહી જવા પાછળ એક મોટી હદ સુધી જવાબદાર છે.

નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડ અનુસાર ભારતના વિભિન્ન ન્યાયાલયોમાં પડતર કેસોની સંખ્યા લગભગ ૪ કરોડ ૪૨ લાખ છે. ઉલ્લેખનીય છે કે સર્વોચ્ચ ન્યાયાલયે હુસેન આરા ખાતુન વિરુદ્ધ બિહાર રાજ્ય (૧૯૭૯) કેસમાં એમ કહ્યું હતું કે 'ત્વરિત સુનાવણીનો અધિકાર' એક મૂળ અધિકાર છે, જે ભારતના બંધારણના અનુચ્છેદ-૨૧ દ્વારા ગેરંટીકૃત પ્રાણ અને દૈહિક સ્વતંત્રતાના અધિકારના અર્થમાં સામેલ છે. એવી સ્થિતિમાં સ્થગનની પરંપરા ત્વરિત ન્યાયની ઉપલબ્ધતાના માર્ગમાં મોટી અડચણ ઊભી કરે છે. મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડે પણ હાલમાં ચિંતા વ્યક્ત કરતાં એમ કહ્યું કે છેલ્લા બે-ત્રણ મહિનામાં વકીલોએ ૩૬૮૮ કેસોમાં સ્થગનની માંગ કરી છે. એટલે કે સ્થગન ભારતીય ન્યાયતંત્રમાં વિરોધાભાસ પેદા કરનારું એક મુખ્ય કારણ બન્યું છે.

સ્થગન વિષય પર જો કાયદાની વાત કરીએ તો તેમાં કેટલાય સુરક્ષા ઉપાય છે. સિવિલ પ્રક્રિયા સંહિતા, ૧૯૦૮ના આદેશમાં જોગવાઈ છે કે કેસ દરમ્યાન એક પક્ષને માત્ર ત્રણ સ્થગન આપવામાં આવે. તે ઉપરાંત, તેમાં એ પણ જોગવાઈ છે કે સ્થગન માત્ર પર્યાપ્ત કારણ માટે જ આપવામાં આવે કે પછી ત્યારે, જ્યારે પરિસ્થિતિઓ કોઈ પક્ષના નિયંત્રણની બહાર હોય. અહીં વિચારણીય એ છે કે કાયદો બન્યા બાદ પણ કાર્યાન્વયનમાં ઉણપ છે. આ જ પ્રકારે અપરાધિક પ્રક્રિયા સંહિતા ૧૯૭૩ની કલમ ૨૦૯માં દંડિક કેસોમાં સ્થગન સંબંધિત જોગવાઈ છે, તે અનુસાર કોઈપણ તપાસ કે કેસમાં કાર્યવાહી ત્યાં સુધી નિરંતર ચાલતી રહેવી જોઈએ, જ્યાં સુધી હાજર તમામ સાક્ષીઓની તપાસ ન થઈ જાય. જોકે અદાલત જો એ નિર્ધારિત કરે કે સ્થગન જરૂરી છે તો કાયદેસર કારણ નોંધવા જોઈએ. એ ધ્યાન રાખવું મહત્ત્વપૂર્ણ છે કે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬, ૩૭૬એ, ૩૭૬એબી, ૩૭૬બી, ૩૭૬સી, ૩૭૬ડી, ૩૭૬ડીએ, કે કલમ ૩૭૬ડીબી અંતર્ગત યૌન અપરાધ જેવા કેટલાક અપરાધો સંબંધિત કેસો માટે તપાસ કે કેસ ચાર્જશીટ દાખલ કરવાની તારીખથી બે મહિનાની અંદર પૂરા કરવા જોઈએ.

જો કોઈ કેસ દરમ્યાન અદાલત કાર્યવાહીને સ્થગિત કરવી જરૂરી સમજે તો તેને એવું કરવાનો અધિકાર છે. વિલંબની અવધિ યોગ્ય હોવાના આધાર પર અને નોંધવામાં આવેલ વિશિષ્ટ કારણો પર વિચાર કરતાં નિર્ધારિત કરવી જોઈએ. જો સ્થગન કે સ્થગનની આ અવધિ દરમ્યાન કોઈ આરોપી વ્યક્તિ અટકાયતમાં હોય, તો તેને વોરંટ દ્વારા રિમાન્ડ પર લઈ શકાય છે. જેવું કે ઉપર ઉલ્લેખ છે કે વાદી કે પ્રતિવાદી ત્યાં સુધી સ્થગનનો અનુરોધ ન કરી શકે જ્યાં સુધી પરિસ્થિતિઓ તેમના નિયંત્રણની બહાર ન હોય. કોઈ પક્ષના વકીલ નું કોઈ અન્ય ન્યાયાલયમાં ગેરહાજર રહેવું સ્થગનનું કારણ ન બની શકે. જો કોઈ સાક્ષી અદાલતમાં હાજર હોય, પરંતુ કોઈ પક્ષકે તેનો વકીલ તેની સાથે પૂછપરછ કરવા તૈયાર નથી, તો ન્યાયાલય પાસે સાક્ષીનું નિવેદન નોંધવા સંબંધે યોગ્ય નિર્ણય લેવાનો અધિકારછે. ઈશ્વરલાલ માલી રાઠોડ વિરુદ્ધ ગોપાલ(૨૦૨૧) મામલે સર્વોચ્ચ ન્યાયાલયે સ્પષ્ટ રૂપે કહ્યું હતું કે કાયદો અને વ્યાવસાયિક નૈતિકતા આ પ્રકારના અભ્યાસની અનુમતિ નથી આપતી.

કોઈને કોઈ બહાને વારંવાર સ્થગન અને ટાળવાની રણનીતિ અપનાવવી ન્યાય અને કેસોના જલ્દી નિકાલની અવધારણાનું અપમાન છે. જમીની સ્તર પર એ પણ જોવા મળ્યું છે કે જ્યારે પણ ટ્રાયલ કોર્ટ બિનજરૂરી સ્થગન આપવાનો ઈનકાર કરે છે તો કેટલીય વાર એના પર કડક હોવાનો આરોપ લાગે છે અને તેને બાર એટલે કે વકીલોની નારાજગીનો સામનો કરવો પડે છે. સવાલ એ છે કે શું ન્યાયપાલિકામાં અધિકારીઓ, જેનાથી તમામ પ્રકારના ન્યાયની અપેક્ષા છે, તેને આ બાબતે પોતાના વિવેકથી કામ ન કરવું જોઈએ, જેથી વાદીઓ પ્રત્યે તેઓ પોતાના કર્તવ્યોનું યોગ્ય અર્થમાં પાલન કરી શકે? એ કોઈથી છૂપું નથી કે વારંવાર તારીખોની માંગ માત્ર ન્યાય આપવામાં વિલંબ કરે છે, બલ્કે તે આમ નાગરિકોમાં ખોટો સંદેશ આપે છે અને અંતે ન્યાયિક તંત્ર પર તેમનો ભરોસો પણ ઘટાડે છે.

એક કુશળ અને પ્રભાવી ન્યાય વિતરણ પ્રણાલી સુનિશ્ચિત કરવા અને નાગરિકોનું કાયદાના શાસનમાં વિશ્વાસ વધારવા માટે ન્યાયાલયોએ વધારાના પ્રયાસ કરવા પડશે. ઠાગાઠૈયાના વલણને છોડવું પડશે. સમય પર કાર્યવાહી સંપાદિત કરવી પડશે. મુખ્ય ન્યાયાધીશે તારીખ પર તારીખનો જે પ્રકારને નોંધ લીધી છે, તેને ન્યાયિક બિરાદરીમાં એક ચેતવણી અને દૃષ્ટાંત તરીકે લેવું જોઈએ. ભારતીય બંધારણ સુપ્રીમ કોર્ટને અંતિમ રૂપે અર્થપૂર્ણ ન્યાય આપવા માટે જવાબદાર પણ બનાવે છે. એવી સ્થિતિમાં જો જરૂરી હોય તો શીર્ષ ન્યાયાલયે પોતાના સ્તરેથી જ સ્પષ્ટ દિશાનિર્દેશ જારી કરવા જોઈએ, જેથી સ્થગનનો આ ચીલો બેલગામ ન થાય.

# આગામી વર્ષે વિશ્વમાં ૧૧.૩ કરોડ લોકો મિડલ ક્લાસ કેટેગરીમાં ઉમેરાશે

## લોકોની સરેરાશ આવકમાં સહેજ વધારો તથા ખર્ચમાં ઘટાડો થવાથી એક મોટો વર્ગ ગરીબીમાંથી ઉપર આવશે, વિશ્વના અર્થતંત્ર અને વેપાર-રોજગાર ઉપર અભ્યાસ

નવી દિલ્હી, તા.૨૫

વર્લ્ડ ડેટા લેબ દ્વારા વિશ્વના અર્થતંત્ર અને વેપાર-રોજગાર ઉપર તાજેતરમાં એક અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસના આંકડા જણાવે છે કે, આગામી વર્ષે સમગ્ર વિશ્વમાં ૧૧.૩ કરોડ લોકો મધ્યમ વર્ગ એટલે કે મિડલ ક્લાસ કેટેગરીમાં ઉમેરાશે. જાણકારોના મતે લોકોની સરેરાશ આવકમાં સહેજ વધારો થવાના કારણે તથા ખર્ચમાં ઘટાડો થવાના કારણે એક મોટો વર્ગ ગરીબીમાંથી ઉપર આવશે અને મિડલ ક્લાસમાં જોડાશે. તેમના મતે ૨૦૨૪માં આ ૧૧.૩ કરોડ લોકોનો ઉમેરો થવાનો છે. આ ઉમેરો કરવામાં સૌથી મોખરે ભારત રહેશે. ત્યારબાદ ચીન અને એશિયાના અન્ય દેશો આવશે. જાણકારોના મતે રશિયા અને યુક્રેન વચ્ચે ચાલતું યુદ્ધ હજી કોઈ ઉકેલ તરફ ગયું નથી ત્યાં મિડલ ઈસ્ટમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચે શરૂ થયેલા સંઘર્ષે વિશ્વને ચિંતામાં લાવી દીધું છે. ઘણા દેશો હમાસ અને પેલેસ્ટાઈનને સાથ આપે છે અને તેમનું સમર્થન કરે છે તો બીજી તરફ ઘણા એવા દેશો છે ઈઝરાયેલનો સાથ આપે છે. આ આંતરરાષ્ટ્રીય રાજકારણ વચ્ચે આર્થિક સ્થિતિ પણ સમજવી અને જાણવી પડે તેવી છે. યુદ્ધોના આ જુવાળ અને ભારેલા અગ્નિને કાપુમાં નહીં કરવામાં આવે તો તેની લાંબીગાળે દેશ-દુનિયા ઉપર મોટી અસર થશે. આ અસરોને પરિણામે જ મિડલ ક્લાસમાં મોટાપાયે લોકો ઉમેરાતા જશે. વર્લ્ડ ડેટા લેબ દ્વારા કરવામાં આવેલા આ અભ્યાસમાં બહાર આવ્યું છે કે, ભારતમાં ૩.૩ કરોડ લોકો અને ચીનમાં ૩.૧ કરોડ લોકો મિડલ ક્લાસ કેટેગરીમાં ઉમેરાશે. ૨૦૧૭માં કરવામાં આવેલા પર્ચેઝિંગ પાવર પેરિટીના આધારે મિડલ ક્લાસની ગણતરી કરવામાં આવી રહી છે. તેના આધારે એશિયામાં ૯.૧ કરોડ લોકો, આફ્રિકામાં ૧ કરોડ લોકો, લેટિન અમેરિકામાં ૬૦ લાખ લોકો અને બાકીના વિશ્વમાં ૫૦ લાખ લોકો મિડલ ક્લાસમાં જોડાવાના છે. જે લોકોની રોજિંદા ધોરણે ૧૨ ડોલર જેટલી રકમ ખર્ચવાની શક્તિ હોય તેમને મિડલ ક્લાસમાં ગણવામાં આવે છે. જાણકારોના મતે શહેરીકરણ અને વસતી વધારો પણ આ દિશામાં મદદગાર સાબિત થઈ રહ્યો છે. શહેરીકરણમાં વેગ આવવાની સાથે જ લોકોનું શહેર તરફ ગમન વધ્યું છે. ગામડાઓમાંથી શહેર તરફ લોકોના સ્થળાંતરને પગલે શહેરોમાં વસતીમાં વધારો થયો છે. આ સિવાય ચીન અને ભારત જેવા દેશોની વસતી પણ સરેરાશ સતત વધતી આવી છે. તેમાંય ભારતમાં વસતીમાં મોટો વધારો જોવા મળ્યો છે. દેશોની વધતી વસતી મુદ્દે ભારતમાં યુવાનોની સંખ્યા વધુ છે અને તેના કારણે રોજગારી અને આવકના સ્રોત પણ વધારે શોધવામાં અને અમલમાં મુકવામાં આવી રહ્યા છે. આ કારણે યુવાનોનું શહેરોમાં માઈગ્રેશન થઈ રહ્યું છે અને વધુ સારા જીવન માટે તેઓ પ્રયાસ કરી રહ્યા છે. વર્લ્ડ ડેટા લેબ જણાવે છે કે, ૨૦૨૪માં ભારત અને ચીન સમગ્ર વિશ્વમાં સૌથી વધારે લોકો મિડલ ક્લાસમાં જોડનારા દેશ રહેવાના છે. અહીંયા વધી રહેલી વસતી, લોકોનું સુધરી રહેલું જીવનધોરણ, ગુણવત્તાસભર જીવન, આવકનો વધતો સ્રોત અને આવકનો વધતો દર તથા શહેરીકરણ જેવી બાબતો ચીન અને ભારતને મદદગાર સાબિત થઈ રહ્યા છે. આ જ દિશામાં એશિયામાંથી ઈન્ડોનેશિયા અને બાંગ્લાદેશ જેવા દેશો પણ જોડાવાના છે. આ બંને દેશો દ્વારા પણ અંદાજે ૫૦-૫૦ લાખ લોકોનો સમાવેશ મિડલ ક્લાસમાં થવાનો છે. અહીંયા પણ સરેરાશ યુવાન વસતી વધારે છે અને તેના કારણે લેબર ફોર્સમાં મોટી મદદ મળી રહી છે. આ જ દિશામાં વિયેતનામ, ફિલિપાઈન્સ અને થાઈલેન્ડ પણ આવવના છે. આ દેશોમાં પણ મિડલ ક્લાસની વસતીમાં ઝડપથી વધારો થવાનો છે. આફ્રિકાની વાત કરીએ તો આ ક્ષેત્રમાં પણ ધીમે ધીમે વસતીમાં વધારો થઈ રહ્યો છે. તે ઉપરાંત જન્મદરનું પ્રમાણ સરેરાશ કરતા વધ્યું છે. અહીંયા યુવાનોની વસતી અને લેબર ફોર્સમાં વધારે થઈ રહ્યો છે. આફ્રિકામાંથી ૨૦૨૪માં ૧ કરોડ લોકો મિડલ ક્લાસમાં જોડાશે તેવી આશા રાખવામાં આવી છે. બીજી તરફ ગોલ્ડ મેન સાસ દ્વારા થોડા સમય પહેલાં એક અહેવાલ જારી કરવામાં આવ્યો હતો જેમાં એવી ધારણા વ્યક્ત કરાઈ હતી કે, ૨૦૭૫ સુધીમાં ઈજિપ્ત અને નાઈજિરિયાની ઈકોનોમી ખૂબ જ મજબૂત થઈ જશે. તેઓ દુનિયાના પાંચમા અને આઠમા અર્થતંત્ર બની જશે. જાણકારોના મતે આફ્રિકાના દેશોમાં ઝડપથી થઈ રહેલો વિકાસ જ આ દેશોનો વૈશ્વિક પ્રગતિનો રોડમેપ બની રહેશે. ડેટા લેબના જાણકારો માને છે કે, વિશ્વનું અર્થતંત્ર નવી દિશામાં અગ્રેસર થઈ રહ્યું છે. તેના કારણે આર્થિક રીતે વહેંચાતા લોકોમાં હવે એશિયા અને આફ્રિકામાં મિડલ ક્લાસમાં વધારો થઈ રહ્યો છે. જાણકારો માની રહ્યા છે કે, ભારતની આર્થિક ગતિ વધી છે અને તેમાં લોકોનું જીવનધોરણ પણ બદલાયું છે. લોકોની ખરીદ શક્તિ અને આવકમાં વધારો થયેલો નોંધાયો છે. તેના પરિણામે ગરીબીમાં રહેતા લોકો ઘટવા લાગ્યા છે. તેઓ ઝડપથી મિડલ ક્લાસમાં સમાવા તરફ આગળ વધી રહ્યા છે. જાણકારોના મતે ૨૦૨૪માં ૩.૩ કરોડ લોકો ભારતમાં મિડલ ક્લાસમાં આવી જશે જે મોટી બાબત છે. આ ઉપરાંત ચીનમાં પણ સ્થિતિ સુધરી રહી છે. આ સિવાય એશિયા અને આફ્રિકાના અન્ય દેશોના લોકો પણ ઝડપથી ગરીબીમાંથી ઉપર આવી રહ્યા છે અને મિડલ ક્લાસમાં જોડાઈ રહ્યા છે. થોડા સમય પહેલાં રજૂ થયેલા અન્ય એક અહેવાલે પણ જણાવ્યું હતું કે, ભારતમાં મિડલ ક્લાસની સંખ્યા ખૂબ જ ઝડપથી વધી રહી છે. ધ રાઈઝ ઓફ મિડલ ક્લાસ નામના અહેવાલમાં જણાવાયું હતુંકે, ૨૦૨૦-૨૧માં ભારતમાં મિડલ ક્લાસની સંખ્યા કુલ વસતીની ૩૧ ટકા છે જે ૨૦૪૬-૪૭ દરમિયાન એટલે કે ભારતની આઝાદીના ૧૦૦મા વર્ષે વધીને ૬૧ ટકા થઈ જશે. ૨૦૪૭માં ભારતમાં મિડલ ક્લાસની સંખ્યા ૧.૦૨ અબજ થઈ જશે. હાલમાં મિડલ ક્લાસનો આંકડો અંદાજે ૪૪ કરોડ છે. આ અહેવાલમાં જણાવાયું છે કે, સામાન્ય રીતે ભારતમાં વસતા લોકોમાં જેમની વાર્ષિક ૧.૫થી ૬.૫ લાખની આવક ધરાવતા લોકોનો મધ્યમ વર્ગમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. જાણકારોએ જણાવ્યું કે, ધનિક વર્ગની આવકમાં તો તોતિંગ વધારો થયા જ કરે છે પણ મધ્યમ વર્ગની આવકમાં થઈ રહેલો ઝડપી વધારો ભારતના અર્થતંત્રને ઝડપ આપશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં ૨૦૧૬થી ૨૦૨૧ સુધીમાં વાર્ષિક ૨ કરોડ કમાતા લોકોની સંખ્યા બમણી થઈ ગઈ છે. ૨૦૩૦ સુધીમાં તો આ વર્ગના લોકોની સંખ્યા પાંચ ગણી વધી જવાની છે. આ આર્થિક વૃદ્ધિમાં ગ્રામ્ય વિસ્તારોનું પણ યોગદાન વધારે રહ્યું છે. દેશના પૂર્વ વિસ્તારોની સરખામણીએ પશ્ચિમ વિસ્તારોમાં ધનિકોની સંખ્યા વધારે છે. પૂર્વ ભારતમાં ૨ કરોડની વાર્ષિક આવક ધરાવતા લોકોની સંખ્યા અંદાજે ૩.૯૪ લાખ છે જ્યારે પશ્ચિમ ભારતમાં આ આંકડો બમણો એટલે કે ૮.૦૪ લાખ છે. દેશમાં સૌથી વધારે મહારાષ્ટ્રમાં ૬.૪૮ લાખ ધનિક પરિવારો છે. ત્યારબાદ દિલ્હીમાં ૧.૮૧ લાખ, ગુજરાતમાં ૧.૪૧ લાખ, તમિલનાડુમાં ૧.૩૭ લાખ અને પંજાબમાં ૧.૦૪ લાખ ધનિક પરિવારો છે. મહારાષ્ટ્ર અને દિલ્હીમાં દેશના કુલ ધનિક પરિવારોમાંથી અડધા પરિવારો રહે છે. આ અહેવાલમાં જણાવાયું છે કે, મિડલ ક્લાસ અને રિચ ક્લાસના પરિવારોની આવક ગરીબ પરિવારોની આવકની સરખામણીએ અનુક્રમે ૧૩ ગણી અને ૫૦ ગણી વધારે છે. તાજેતરમાં આવેલા અન્ય એક આર્થિક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ભારતમાં હાલમાં પ્રતિવ્યક્તિ આવક સરેરાશ ૨૫૦૦ ડોલર છે. ભારતીયોની વ્યક્તિદીઠ આવક ભારતીય ચલણ પ્રમાણે અંદાજે ૨ લાખ રૂપિયા થાય છે. આર્થિક સલાહકારોના મતે ભારતમાં મિડલ ક્લાસ જે ઝડપે વધી રહ્યો છે અને આવકના સ્રોત ઊભા થઈ રહ્યા છે તે આગામી બે દાયકામાં વ્યક્તિદીઠ આવકને મોટી છલાંગ આપશે. ૨૦૪૭ સુધીમાં ભારતી વ્યક્તિદીઠ આવક ૧૨,૪૦૦ ડોલર એટલે કે અંદાજે ૧૫ લાખ રૂપિયા થવાની શક્યતાઓ જોવામાં આવી રહી છે. જાણકારો માને છે કે,૨૦૦૫માં ભારતમાં મિડલ ક્લાસની સંખ્યા માત્ર ૧૪ ટકા હતી જે હવે ઝડપથી વધીને દેશની અડધા ઉપર જતી રહેશે.

# મુંબઈ અને અમદાવાદ હાઈસ્પીડ રેલ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ કોરિડોરમાં ૧૦૦ કિલોમીટરના વાયડક્ટ્સની કામગીરી પૂર્ણ



અમદાવાદ,તા.૨૫

મુંબઈ અને અમદાવાદ હાઈ સ્પીડ રેલ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ કોરિડોરમાં ૧૦૦ કિલોમીટરના વાયડક્ટ્સની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જે કામગીરીમાં પ્રથમ ગર્ડરનું લોન્ચિંગ ૨૫ મી નવેમ્બર ૨૦૨૧ શરૂ થયું હતું. બાદમાં વાયડક્ટના પ્રથમ કિમીની કામની પૂર્ણાહુતિ ૩૦ મી જૂન ૨૦૨૨ એમ ૬ મહિનામાં થઈ હતી. જે બાદ વાયડક્ટના ૫૦ કિ.મી.ના કામની પૂર્ણાહુતિ તેના ૧૦ મહિનામાં એટલે કે ૨૨ મી એપ્રિલ ૨૦૨૩ માં કામ પૂર્ણ થયું. તો વાયડક્ટના ૧૦૦ કિ.મી.ના કામની પૂર્ણાહુતિ ૬ મહિનામાં થઈ છે. આ પરિયોજનાએ ૪૦ મીટર લાંબા ફુલ સ્પાન બોક્સ ગર્ડર અને સેગમેન્ટલ ગર્ડર્સના કામ દ્વારા કુલ ૧૦૦ કિમી વાયડક્ટ્સના નિર્માણથી મોટી સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં ફુલ સ્પાન લોન્ચિંગ ટેકનિક (એફ.એસ.એલ.એમ.) છે. જ્યાં અત્યાધુનિક લોન્ચિંગ ઉપકરણો દ્વારા ૪૦ એમ.ટી.આર. લાંબા બોક્સ ગર્ડર લોન્ચ કરવામાં આવ્યા, તેનો ઉપયોગ સ્પાન સાથે સેગમેન્ટ્સના સ્પાન લોન્ચિંગ દ્વારા કરવામાં આવી રહ્યો છે. તેમજ એફ.એસ.એલ.એમ. સ્પાન પછી સ્પાન પદ્ધતિ દ્વારા કામ કરતા ૧૦ ગણી ઝડપી પદ્ધતિ છે, જે સામાન્ય રીતે મેટ્રો વાયડક્ટ્સના નિર્માણ માટે ઉપયોગમાં લેવાય છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ૨૫૦ કિલો મીટર ના પિયર બનાવવાની કામગીરી પણ પૂર્ણ થઈ ગઈ છે. આ વાયડક્ટ માં ૬ નદીઓ પરના પુલોનો સમાવેશ થાય છેઃ જેમાં વલસાડ જિલ્લા નો પાર નદી પુલ, પૂર્ણા નદી પુલ, મિંઢોલા નદી પુલ, અંબિકા નદી પુલ, અંબિકા નદી પુલ, વલસાડ જિલ્લાના ઔરંગા નદી પુલ અને નવસારી પર્વતમાળા વેંગાનીયા નદી પુલ, જે તમામ નદીઓ ગુજરાતમાં આવેલી છે. તેમજ બિલ્ટ વાયડક્ટ પર અવાજ ન આવે તેવી પદ્ધતિનો ઉપયોગ પણ કરાયો છે. તેમજ જાપાનીઝ શિંકનસેનમાં ઉપયોગમાં લેવાતી એમ.એ.એચ.એસ.આર. કોરિડોર ટ્રેક સિસ્ટમ માટે પ્રથમ રિઈન્ફોર્સ્ડ કોંક્રિટ ટ્રેક બેડ નાખવાની કામગીરી પણ સુરતમાં શરૂ થઈ ગઈ છે. ભારતમાં જે-સ્લેબ બેલાસ્ટલેસ ટ્રેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે ભારતમાં પહેલીવાર બનશે છે.

આ સાથે જ ગુજરાતના વલસાડ જિલ્લામાં ૩૫૦ મીટરની પ્રથમ પર્વતોમાં બનાવેલ ટનલની કામગીરી પણ પૂર્ણ થઈ ગઈ છે. સાથે જ ગુજરાતના સુરત જિલ્લામાં ૭૦ મીટર લંબાઈનો પ્રથમ સ્ટીલ બ્રિજ બનાવવામાં આવ્યો છે. આ ૨૮ સ્ટીલના પુલોમાંનો પ્રથમ પુલ છે જે એમ.એ.એચ.એસ.આર. કોરિડોરનો ભાગ હશે. રેલવે દ્વારા રાજ્ય અને દેશમાં વિવિધ સ્ટેશન અને ટ્રેકનું કામ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ ખાતે પણ કાલુપુર અને સાબરમતી રેલવે સ્ટેશન ડેવલપ કરાશે. જેની સાથે મળતી માહિતી પ્રમાણે કાલુપુર રેલવે યાર્ડને ૮૦ કરોડ ના ખર્ચે આંતરરાષ્ટ્રીય કક્ષા જેવું બનાવવામાં આવશે તેવી માહિતી મળી રહી છે. જે કામ શરૂ થશે પાંચ મહિનામાં જ કામ પૂર્ણ થશે. હાલ કાંકરિયા યાર્ડમાં કોલસો, ખાતર, મીઠું , લોખંડ, ખાદ્ય પદાર્થો જેવી વસ્તુઓ ના કન્ટેનરો આવે છે. હાલ રેલવે યાર્ડમાં ૬૬ શેડ આવેલા છે જે રી ડેવલપમેન્ટ કરીને ૧૬૮ વેગનનું કરવામાં આવશે. યાર્ડમાં સ્ટોરેજ માટે હાલ પૂરતી જગ્યા નથી જે નવા રેલવે યાર્ડમાં બનાવવામાં આવશે. જેથી વસ્તુ સ્ટોરેજ થશે. નવું રેલવે યાર્ડ બનતા કાર્ગો હેન્ડલિંગની ક્ષમતા વધશે. હાલમાં ત્રણ રેકમાં લોડિંગ કામગીરી થાય છે જે નવું બન્યા બાદ ૨૨ થી ૨૫ રેકમાં કામ થશે. નવું યાર્ડ બનતા સિમેન્ટ અને ખાતર યોગ્ય રીતે સ્ટોર કરી શકાશે. નવા રેલવે યાર્ડમાં વેરહાઉસિંગ, કોમર્શિયલ ઓફિસ અને કેફેટેરિયા જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવશે. જેથી યાર્ડમાં કોઈ અગવડતા નહિ રહે અને નવું યાર્ડ બનતા વરસાદ દરમિયાન વસ્તુ ખરાબ થવાની પણ ફરિયાદો દૂર થશે.

## આપની આવતીકાલ કેવી જશો...?

:: રત્નકણીકા ::

ઈજ્જત, આબરુ પૈસાથી નહિં પણ
નમ્રતાના ગુણોથી મળે છે...

- રૂમાંગો

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક સુદ-૧૩ વૈકુંઠ ચતુર્દશી-ઉપવાસ તા.૨૫ નવેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૧૧, અશ્વિની નક્ષત્ર, વરિયાન યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૧૨, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ બપોરે ૨:૫૫ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: ભાગીદાર વર્ગ સાથે ઘર્ષણ થવાની સંભાવના છે. મનનું ધાર્યું થાય નહીં.
વૃષભ: માનસિક અશાંતિ અનુભવાય. મનની મુરાદ બર ન આવે.
મિથુન: ગૃહવિવાદ થવાના યોગ છે. આર્થિક સમસ્યા હળવી બને.
કર્ક: લાભની તક સાંપડે. નોકરી-ધંધાને લગતા કાર્યો સફળ બને.
સિંહ: વિઘ્નમાંથી માર્ગ મળે. કાર્ય સફળ થાય.
કન્યા: માનસિક તનાવ અનુભવાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
તુલા: વ્યવસાયિક કાર્યોમાં રૂકાવટ આવે. ધીરજની કસોટી થાય.
વૃશ્ચિક: લાભની તક સાંપડે. માનસિક આનંદમાં દિવસ વ્યતિત થાય.
ધન: અંગત મુંઝવણ સતાવે. પડવા-વાગવાથી સંભાળવું.
મકર: ચંચળતાસભર દિવસ વિતે. આર્થિક લાભની તક સાંપડે.
કુંભ: જીવનસાથી સાથે ઘર્ષણ થાય. આવકમાં વધારો થાય.
મીન: નાણાંકીય સમસ્યાનો ઉકેલ મળે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી.

# ૧૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થશે ઉમિયા માતાનું વિશ્વનું સૌથી ઊંચુ મંદિર

અમદાવાદ,તા.૨૫

ગુજરાતને ગૌરવ અપાવનાર અને પાટીદારોની કુળદેવી મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા મંદિરનું નિર્માણ કાર્યની શરૂઆત થઈ ગઈ છે. ૧૫૦૦ કરોડના ખર્ચે તૈયાર થનાર આ મંદિર ૫૦૪ ફૂટ ઊંચું અને ૪૦૦ ફૂટ લાંબુ હશે. માતાજીની મૂર્તિ જોવા માટે અને એના દર્શન કરવા માટે તમારે ઉંચું જોવું પડશે. મંદિરમાં ૫૧ ફૂટની ઊંચાઈએ માતાજીની પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે. અમદાવાદમાં વૈષ્ણોદેવી સર્કલ પાસે જાસપુર ખાતે બની રહેલા મા ઉમિયાના મંદિરની ૨૦૨૬માં પ્રાણ પ્રતિષ્ઠા થાય તેવી સંભાવના છે. ગુજરાતીઓ અને વિશ્વ માટે આ મંદિર એક અજાયબી અને સૌથી મોટુ પર્યટન સ્થળ પણ બની રહે તો પણ નવાઈ નહીં. આ મંદિરની ડિઝાઈન પણ અનેક રીતે ખાસ હશે. તેની ડિઝાઈન જર્મન અને ભારતીય આર્કિટેક્ટ્સ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી છે. આ મંદિરમાં ૧૪૪૦ સ્તંભો સ્થાપિત કરવામાં આવશે. આ પોતાનામાં એક રેકોર્ડ હશે. અગાઉ સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમામાં ૮૦૦ સ્તંભોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઉમિયાધામ મંદિર ૭૪ હજાર વાર ક્ષેત્રમાં વિસ્તરેલું છે નાગરશૈલીની પ્રાચીન થીમ પર નિર્માણ પામનાર મંદિર રૂપિયા ૧૫૦૦ કરોડના ખર્ચે આકાર પામનાર છે જેમાં ધર્મ સંકુલ, શિક્ષણ સંકુલ સહિતની ઈમારતો બનાવવામાં આવશે.એટલું જ નહીં ૧૨૦૦ કરતા વધુ યુવક-યુવતીઓ ભણી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવનાર છે. જેમાં દરેક સમાજને લાભ મળે તેવા ઉદેશ્ય સાથે આરોગ્ય સંકુલ બનાવવામાં આવ્યું છે. આ મંદિરમાં ૩૦૦ ફૂટની ઉંચાઈ પર વ્યુઈંગ ગેલેરી બનાવવામાં આવશે, જ્યાંથી આખું અમદાવાદ જોઈ શકાશે. આ માટે ટેસ્ટિંગ કરવામાં આવશે. ૬ મહિના સુધી ચાલનારી આ તપાસ પ્રક્રિયા બાદ જ મંદિરમાં મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થઈ શકશે. ઉમિયાધામ મંદિરનું આખું કેમ્પસ ૩૦ લાખ ચોરસ ફૂટમાં બનાવવામાં આવશે. આમ રામલલ્લાના મંદિરના આપણે ભલે વખાણ કરીએ પણ આ મંદિર બન્યું તો આ મંદિરના જેટલા પણ વખાણ કરશો એટલા ઓછા પડશે.

# કૌભાંડીઓ સાથે કૌભાંડ : લોન લેનારાઓ નકલી લોન એપ્લિકેશન્સને છેતરવા માટે નકલી ID બનાવે છે

નવી દિલ્હી તા.૨૫

જે લોકો બનાવટી દસ્તાવેજો અને ફોન ડેટાનો ઉપયોગ કરીને, ત્વરિત લોન એપ્લિકેશન્સમાંથી નાની રકમ ઉછીની લઈ રહ્યા છે તેઓએ વ્યાજખોરોના વ્યાજદરો અને સતત માનસિક સતામણીથી બચવાનો માર્ગ શોધી કાઢ્યો છે. છેલ્લા ચાર મહિનામાં, ધ ઈન્ડિયન એક્સપ્રેસે ઉધાર લેનારાઓ, ફિનટેક મધ્યસ્થીઓ, સરકારી કાર્યકર્તાઓ, મોટી ટેક કંપનીઓ અને આરબીઆઈના ભૂતપૂર્વ અધિકારીઓ સહિતના હિસ્સેદારો સાથે વાત કરી હતી. મેટા, ગૂગલ, એપલના એપ સ્ટોર અને વ્હોટ્સએપ યોગ્ય કાળજી લેતા નથી અને છેતરપિંડી કરનારાઓને આવી નકલી લોન એપ્લિકેશન્સની ખુલ્લેઆમ જાહેરાત કરવા દે છે. આ શ્રેણીમાં, ધ ઈન્ડિયન એક્સપ્રેસ વિગતો આપે છે કે કેવી રીતે સમગ્ર ઓનલાઈન ઈકોસિસ્ટમ કપટી એપ્સ દ્વારા જારી કરાયેલ લોન લેવા માટે સામે આવી છે. એક તપાસમાં બહાર આવ્યું છે કે માત્ર રૂ. ૩૦૦ માટે, અનૈતિક ઉધાર લેનારાઓ 'માહિતી પેક'નો ઉપયોગ કરે છે અને બનાવટી આઈડી કાર્ડ, ટેક્સ્ટ મેસેજ ફોલ્ડર, કોન્ટેક્ટ લિસ્ટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ની મદદથી જનરેટ થયેલી ઈમેજોથી ભરેલી ફોટો ગેલેરી મેસેજિંગ એપ ટેલિગ્રામ ઉપર વેચાય છે. ઋણ લેનારને એપ ઉપર સફળ કોન ઉપાડવા માટે જે જરૂરી છે તે નકલી ડિજિટલ દસ્તાવેજો બનાવવા માટે બનાવટી દસ્તાવેજો (આધાર અને પાન કાર્ડ) અને માહિતી પેક (નકલી ટેક્સ્ટ મેસેજ ફોલ્ડર, સંપર્ક સૂચિ અને ફોટો ગેલેરી) અને લોડ કરવા માટે ખાલી ફોન. નકલી ડિજિટલ ઈતિહાસ લોન એપ માટે આ પૂરતું વિશ્વાસપાત્ર લાગે છે - સામાન્ય રીતે એક સપ્તાહ માટે રૂા.૫,૦૦૦ અને રૂા.૨૦,૦૦૦ વચ્ચેની રકમ આપવામાં આવે છે અને લોન ચુકવવાની હેરાનગતિ સામાન્ય રીતે પાંચમા દિવસની આસપાસ શરૂ થાય છે. છેતરપિંડીયુક્ત ડિજિટલ ટ્રેલ્સ બનાવવા માટે નકલી માહિતી પેક વેચતા જૂથો સાથે સંકળાયેલી વ્યક્તિએ કહ્યું કે, આ કામ માટે ફક્ત ફોટોશોપ જેવા પ્લેટફોર્મ્સ પર ન્યૂનતમ સંપાદન કુશળતા અને સંપર્કોનો ડેટાબેઝ બનાવવા માટે એન્ટ્રી-લેવલ કમ્પ્યુટર જ્ઞાનની જરૂર છે. ટેલિગ્રામ ઉપર આવા જ એક જૂથનું નામ છે, 'ઈન્સ્ટન્ટ લોન એપ્સ', તેના ૯,૦૦૦થી વધુ સબ્સ્ક્રાઈબર્સ છે. જેમાં તમને બેંક એસએમએસ ટ્રાન્ઝેક્શન ડેટા અને કોલ લોગ્સ અને કોન્ટેક્ટ્સ મળશે. આની મદદથી તમને ૭ દિવસમાં લોન એપ્સમાં મંજૂરી મળશે. 'ફેક લોન એપ્સ' નામના અન્ય ટેલિગ્રામ જૂથમાં, સૂચનાઓ એકદમ સરળ હતી તમારા પ્રાથમિક ફોનનો ઉપયોગ કરશો નહીં. નવો ક્લીન ફોન ખરીદો. અમે જે ડેટા શેર કરી રહ્યાં છીએ તે તમામ ડેટા ઈન્સ્ટોલ કરો. છેતરપિંડીવાળી લોન એપ્લિકેશન્સ સામાન્ય રીતે ઉધાર લેનારાઓને તેમના ફોનમાંથી એકત્રિત કરેલા વ્યક્તિગત ડેટાનો લાભ લઈને લક્ષ્ય બનાવે છે. ઉધાર લેનારની સંપર્ક સૂચિ, ટેક્સ્ટ સંદેશાઓ, કોલ લોગ્સ અને ફોટો ગેલેરીની ઍક્સેસની વિનંતી કરતી લોન એપ્લિકેશન્સ ઉપરાંત, તેઓએ વપરાશકર્તાને તેમના આધાર અને પાન કાર્ડના ફોટા અપલોડ કરવાની પણ જરૂર પડે છે. એકવાર કોઈ વ્યક્તિ જરૂરી પરવાનગી આપે અને સરકાર




દ્વારા જારી કરાયેલ ID સબમિટ કરે, તે પુર્નઃ પ્રાપ્તિ પ્રક્રિયા દરમ્યાન દુરૂપયોગ અને સતામણીનો ભોગ બને છે. છેતરપિંડી કરનારાઓ લોન લેનારને લોનની ચુકવણી માટે હેરાન કરતી વખતે સામાન્ય રીતે આધાર કાર્ડમાંથી બે મુખ્ય વિગતોનો લાભ લે છે - પિતાનું નામ અને સરનામું. આવા એજન્ટો સબમિટ કરેલા આધાર કાર્ડ ઉપરનો ફોટો કાઢે છે અથવા જાહેરમાં વ્યક્તિને બદનામ કરવા માટે IDનો ઉપયોગ કરે છે. હવે એક નકલી આધાર કાર્ડ, જેમાં તમારૂ નામ હોય પરંતુ ખોટો નંબર અને સરનામું હોય, તો તમે લોન એપ પાછળના છેતરપિંડી કરનારાઓ તમને હેરાન ન કરે તે સુનિશ્ચિત કરી શકો છો. આ નકલી માહિતી પેકેટ લોન એપ્લિકેશનને મૂર્ખ બનાવવામાં મદદ કરે છે. નકલી ટેક્સ્ટ સંદેશ ડેટા એક સામાન્ય વપરાશકર્તાના ફોનમાં બેંક વ્યવહારો અને વિવિધ કંપનીઓના પ્રમોશનલ સંદેશાઓ જેવા ટેક્સ્ટની નકલ કરવા માટે કમ્પાઈલ કરવામાં આવે છે. ટેલિગ્રામ જૂથના વ્યક્તિએ જણાવ્યું હતું કે, લોન એપ્લિકેશન્સ આવા સંદેશાઓને ચેક તરીકે જુએ છે કે વ્યક્તિ સતત ટ્રાન્ઝેક્શન કરે છે અથવા પૈસા પ્રાપ્ત કરી રહી છે. એક સક્રિય બેંક એકાઉન્ટની નિશાની છે. આ નકલી કોલ લોગ્સ ખાતરી કરે છે કે વ્યક્તિનો ફોન નંબર સક્રિય લાગે છે, ત્યારે નકલી સંપર્ક સૂચિ વ્યક્તિના વાસ્તવિક સંપર્કોનું રક્ષણ કરે છે. લોન એપ્લિકેશન્સ આ પગલાંઓથી વાકેફ હોવાથી તેમને છેતરવા માટે તે ઉપયોગમાં લેવાય છે, તેઓ નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવી હોવાની સહેજ શંકા ઉપર વ્યક્તિની લોન અરજીને નકારી શકે છે. આ એવા લોકો છે જે નકલી દસ્તાવેજો અને ડેટાના આધારે લોન ઓફર કરતી એપ્લિકેશન્સનો "શિકાર" કરે છે. આ "શિકારીઓ" તેમના ટેલિગ્રામ જૂથો ઉપર આવી એપ્સની માહિતી શેર કરવાનું ચાલુ રાખે છે જેથી કરીને લોકો બનાવટી ડેટાનો ઉપયોગ કરીને લોન માટે અરજી કરી શકે. ઈન્સ્ટન્ટ લોન એપનો ઉપયોગ કરતી વખતે યુઝર સેફ્ટી વિશે વાત કરતાં, ફિનટેક એસોસિએશન ફોર કન્ઝ્યુમર એમ્પાવરમેન્ટ (FACE)ના સીઈઓ સુગંધ સક્સેનાએ કહ્યું કે, તમે લોન એપને જે પ્રાઈવસી પરમિશન આપો છો તેનું ધ્યાન રાખો. જો લોન એપ તમારી ફોટો ગેલેરી અને કોન્ટેક્ટ લિસ્ટની ઍક્સેસ માંગતી હોય, તો તેને ઈન્સ્ટોલ કરશો નહીં.

# હૌથીઓએ શા માટે ભારત તરફ જતા જહાજ ઉપર કબ્જો કર્યો છે ? તેનું ગાઝા યુદ્ધ સાથે શું જોડાણ છે?

(એજન્સી) તા.૨૫

યમન બળવાખોર જૂથ હૌથીએ રવિવારે નવેમ્બર ૧૯ના રોજ ભારત તરફ જતું ઈઝરાયેલ-સંબંધિત જહાજ જપ્ત કર્યું હતું, જેનાથી ચાલુ ગાઝા સંઘર્ષમાં વધુ એક પરિમાણ ઉમેરવાની આશંકા છે. હૌથી લડવૈયાઓ હેલિકોપ્ટરમાંથી જહાજ પર ઉતર્યા અને તમામ ૨૫ ક્રૂ સભ્યોને બંધક બનાવ્યા છે. બળવાખોરોએ કહ્યું છે કે ક્રૂ સાથે "ઈસ્લામિક મૂલ્યો અનુસાર" વર્તન કરવામાં આવી રહ્યું છે. ઈઝરાયેલે દાવો કર્યો છે કે જહાજ બ્રિટિશ માલિકીનું છે અને જાપાન સંચાલિત છે અને આ હાઈજેકને "ઈરાનનું આતંકવાદનું કૃત્ય" ગણાવ્યું છે. શા માટે હૌથીઓએ ભારત તરફ જતું જહાજ કબજે કર્યું ? વિવિધ હિતધારકોએ આ અંગે કેવી પ્રતિક્રિયા આપી છે ? હૌથીઓ કોણ છે અને તેઓ ઈઝરાયેલ- હમાસ યુદ્ધ સાથે કેવી રીતે જોડાયેલા છે ?

**શા માટે વહાણનું અપહરણ કરવામાં આવ્યું ?**

ગેલેક્સી લીડર નામનું જહાજ તુર્કીથી ગુજરાતના પીપાવાવ તરફ જઈ રહ્યું હતું અને તેમાં કોઈ કાર્ગો ન હતો. તેના ક્રૂ મેમ્બર્સ બલ્ગેરિયા, રોમાનિયા, યુક્રેન, મેક્સિકો અને ફિલિપાઈન્સના છે. આ હાઈજેકીંગ હૌથીઓના અગાઉના નિવેદન સાથે સુસંગત છે, જેમાં તેઓએ કહ્યું હતું કે તેઓ રાતા સમુદ્રમાં ઈઝરાયેલ સાથે જોડાયેલા જહાજો અને નિર્ણાયક બાબ અલ-મંડેબ ઉપર હુમલો કરશે. આ અપહરણ પછી, હૌથીના મુખ્ય વાટાઘાટકાર અને પ્રવક્તા મોહમ્મદ અબ્દુલ-સલામે ઑનલાઈન નિવેદનમાં જણાવ્યું હતું કે ઈઝરાયેલીઓ ફક્ત બળની ભાષા સમજે છે. ઈઝરાયેલી જહાજની અટકાયત એ એક વ્યવહારૂ પગલું છે જે દરિયાઈ યુદ્ધમાંર યમનની સશસ્ત્ર દળોની ગંભીરતાને સાબિત કરે છે, આ શરૂઆત છે. ઈઝરાયેલે કહ્યું છે કે તે જહાજની માલિકી ધરાવતું નથી અથવા તેનું સંચાલન કરતું નથી અને ઈઝરાયેલનો કોઈ ક્રૂ સભ્ય પણ નથી. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુના કાર્યાલયે જણાવ્યું હતું કે, આ ઈરાની આતંકવાદનું કૃત્ય છે જે મુક્ત વિશ્વમાં વૈશ્વિક શિપિંગ માર્ગોની સુરક્ષાની દૃષ્ટિએ સહવર્તી આંતરરાષ્ટ્રીય અસર કરે છે. ઈઝરાયેલી સૈન્યએ આ અપહરણને ખૂબ જ ગંભીર ઘટના ગણાવી છે. જો કે, આ જહાજ ઈઝરાયેલના અબજોપતિ સાથે સંબંધ ધરાવે છે. સાર્વજનિક શિપિંગ ડેટાબેઝમાં માલિકીની વિગતો જહાજના માલિકો રે કાર કેરિયર્સ સાથે સંકળાયેલી છે, જેની સ્થાપના અબ્રાહમ "રામી" ઉંગર દ્વારા કરવામાં આવી હતી, જેઓ ઈઝરાયેલના સૌથી ધનિક વ્યક્તિઓમાંના એક તરીકે ઓળખાય છે. ૨૦૨૧માં, ઓમાનની ખાડીમાં ઉંગારના જહાજ ઉપર વિસ્ફોટ થયો હતો ત્યારે પણ ઈઝરાયલી મીડિયાએ ઈરાન ઉપર આરોપ લગાવ્યો હતો. ગેલેક્સી લીડરનું સંચાલન જાપાની કંપની નિપ્પોન યુસેન દ્વારા કરવામાં આવે છે. જાપાની અધિકારીઓએ આ હાઈજેકની નિંદા કરી છે અને કહ્યું છે કે તેઓ હૌથીઓ સાથે વાટાઘાટો કરી રહ્યા છે જ્યારે જહાજ અને ક્રૂને મુક્ત કરવા માટે સઉદી અરેબિયા, ઓમાન અને ઈરાન પાસેથી પણ મદદ માંગી રહ્યા છે.

**હૌથીઓ કોણ છે અને તેઓ શા માટે સામેલ છે ?**

હૌથીઓ એક બળવાખોર જૂથ છે જે લગભગ એક દાયકાથી યમન સરકાર સાથે ગૃહ યુદ્ધ લડી રહ્યા છે. તેઓ સત્તાવાર રાજધાની સના સહિત ઉત્તરીય યમનમાં સત્તામાં છે. અધિકૃત સરકાર હવે એડનની બહાર કામ કરે છે. આ જૂથનું નામ હૌથી જાતિના નામ ઉપરથી રાખવામાં આવ્યું છે. હૌથીઓ ઈરાન દ્વારા સમર્થિત ઝાયદી શિયાઓ છે, જ્યારે યમન સરકારને ઈરાનના સૌથી મોટા હરીફ સાઉદી અરેબિયા અને પશ્ચિમનું સમર્થન છે. આ જૂથની ઉત્પત્તિ ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં ઝાયદી ધાર્મિક ઘટના સાથે સંકળાયેલ છે. હૌથી પેલેસ્ટીનને સમર્થન આપે છે અને તે ઈઝરાયેલ અને પશ્ચિમના કટ્ટર વિરોધી છે. એક લડાયક દળ તરીકે, તેઓ હજારો લડવૈયાઓ અને બેલેસ્ટિક મિસાઈલો અને સશસ્ત્ર ડ્રોન્સના વિશાળ શસ્ત્રાગાર સાથે સજ્જ છે. તેમનો મુખ્ય ખતરો એ છે કે તેમની સંડોવણી આ સંઘર્ષને વિસ્તૃત કરી શકે છે. ઉપરાંત, જો ઈઝરાયેલ જવાબમાં હૌથી પ્રદેશ ઉપર હુમલો કરવા માંગે છે, તો તેના રોકેટ સઉદી અરેબિયા ઉપરથી જશેઆ શક્તિશાળી મુસ્લિમ દેશને સંઘર્ષમાં જવા માટે દબાણ કરશે. સમુદ્રમાં જહાજોને જપ્ત કરવાથી આ ક્ષેત્રમાં દરિયાઈ વેપારમાં હિસ્સો ધરાવતા અન્ય ઘણા દેશો પણ યુદ્ધમાં સામેલ થઈ શકે છે.

# મદ્રાસ હાઈકોર્ટે કહ્યું : પરિણીત મહિલાના રહેણાકની સ્થિતિને પિતૃસત્તાક પરિમાણથી જોવી જોઈએ નહીં

ચેન્નાઈ તા.૨૫

કોઈપણ પરિણીત સ્ત્રી સામાન્ય રીતે તેના પતિના મકાનમાં રહે છે, તેના લીધે તેણીએ તેના લગ્નને કારણે તેના માતા-પિતાના ઘરે તેના રહેણાક અધિકારોનો અસ્વીકાર કર્યો હોવાનું માની શકાય નહીં. મદ્રાસ હાઈકોર્ટે જણાવ્યું છે કે, લગ્નના નિયમો સ્ત્રી ઉપર આવી કોઈ શરત લાદતા નથી અને તેથી તેણી તેના મૂળ ગામની રહેવાસી હોવાનો દાવો કરીને જાહેર રોજગાર મેળવી શકે છે. લગ્ન પછી અલગ રેશનકાર્ડ મેળવવાના હેતુથી તેણીનું નામ તેના માતા-પિતાના રેશનકાર્ડમાંથી કાઢી નાખવામાં આવ્યું હોય છે. માત્ર એટલા માટે એવું કહી શકાય નહીં કે પરિણીત મહિલાએ તેના માતા-પિતાના સ્થાન સાથેના સંબંધો તોડી નાખ્યા હતા અને તેના માતા-પિતાના ઘરના સંદર્ભમાં તેની રહેણાક સ્થિતિ એકવાર અને બધા માટે બંધ થઈ ગઈ છે. કુડ્ડાલોર જિલ્લામાં જયકોંડમ ગ્રામ પંચાયત સચિવના પદ માટે ઈચ્છુક જી. મયકન્નન દ્વારા દાખલ કરાયેલી રિટ અરજીને ફગાવી દેતી વખતે ન્યાયાધીશે અવલોકનો કર્યા હતા. અરજદારે આ પદ ઉપર મહિલાની નિમણૂકને પડકાર ફેંક્યો હતો, કારણ કે, તે હવે સ્થાનિક રહેવાસી નથી કારણ કે, તે લગ્ન પછી તેના પતિના ગામમાં સ્થળાંતર કરી ગઈ હતી. આવા આધાર પર નિમણૂકને આપવામાં આવેલ પડકારને નકારી કાઢતાં ન્યાયાધીશે જણાવ્યું હતું કે, મહિલા નિમણૂકને તેની પોતાની સગવડ અને પસંદગી મુજબ જયકોન્ડમમાં તેના માતા-પિતા સાથે મુલાકાત કરવાનો અથવા રહેવાનો સંપૂર્ણ અધિકાર છે. અરજદાર દ્વારા તેના મૂળ જયકોન્ડમમાં હોવાનો વિવાદ ન થયો હોવાથી, ન્યાયાધીશે કહ્યું કે, આવા કિસ્સામાં તેણી તેના જન્મજાત ગામમાં નથી તેવું હોવાનું માની શકાય નહીં. આજના વિશ્વમાં પુરૂષો અને સ્ત્રીઓ શિક્ષણ અથવા વ્યવસાય ખાતર અનેક સ્થળોએ જાય છે, પરંતુ તેમ છતાં તેમના મૂળ



સ્થાનને તેમનું કાયમી રહેઠાણ માને છે. જો કે, એવી ધારણા છે કે, પરિણીત સ્ત્રી તેના મૂળ સ્થાનને સંપૂર્ણપણે છોડી દે છે અને તેના પતિના સ્થાનને તેના નિવાસસ્થાન તરીકે માની લે છે. જો કોઈ પરિણીત સ્ત્રી તેના રોજગાર, વ્યવસાય અથવા અન્ય કારણોસર તેના જન્મસ્થળ અને વૈવાહિક ઘર વચ્ચે રહેવાનું પસંદ કરે છે, તો તેને આવા વિકલ્પનો ઉપયોગ કરવાથી કંઈપણ રોકી શકશે નહીં. મૂળ સરનામું જાળવી રાખવું અથવા જતું કરવું એ પરિણીત મહિલાની ઈચ્છા ઉપર છે. જો કે, હાલના કેસમાં નિમણૂક કરાયેલ મહિલાએ તેણીના પેરેંટલ ઘરે પરત ફર્યા હોવાનું સાબિત કરવા માટે તેના વિમુખ પતિ દ્વારા જારી કરાયેલ કાનૂની નોટિસ રજૂ કરી હતી, ન્યાયાધીશે કહ્યું કે, ઉપરોક્ત હકીકતો અરજદાર માટે સંપૂર્ણપણે વ્યક્તિગત છે. આ રિટ પિટિશન ખાતર પોતાના વિશેની આ ખાનગી હકીકતો જાહેર કરવાની ફરજ પડી છે. જસ્ટિસ મંજુલાએ વધુમાં જણાવ્યું હતું કે, તેના જન્મજાત ઘરમાં રહેણાકની પસંદગી કરવાની સ્ત્રીની ઈચ્છાને પિતૃસત્તાક પ્રિઝમ દ્વારા જોવી જોઈએ નહીં જેથી તેણીને ત્યાં રહેણાકનો દરજ્જો નકારી શકાય નહીં.

### માહિતી આપવામાં ગલ્લાતલ્લા કરતા વર્ગ-૨ અધિકારી સામે માહિતી આયોગની લાલ આંખ

# રાજપીપળા ચીફ ઓફિસરને માહિતી ન આપવા બદલ રૂા.૧૦ હજારનો દંડ

**પાલિકાના કર્મી વિશે માહિતી આપવા RTI કરાઈ હતી, ૭ દિવસમાં માહિતી આપવા આદેશ**

ગાંધીનગર તા.૨૫

માહિતી અધિકાર અનિયમ હેઠળની અરજીઓની માહિતી ન આપનાર સરકારી અમલદારો માટે લાલબત્તી સમાન ચુકાદો માહિતી આયોગ દ્વારા આપવામાં આવ્યો છે. અમલદાર શાહીમાં રાચતા રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસર રાહુલ ડોડીયાને રાજપીપળા માછી સમાજના આર.ટી.આઈ. એક્ટિવેસ્ટ દિનેશકુમાર રતનલાલ માછી (રહે. નવા ફળિયા, સ્થિત રાજપીપળા, તા.નાંદોદ જિ નર્મદા) દ્વારા માંગવામાં આવેલ માહિતી ન આપી અને છેલ્લી સુનવણીમાં પણ ચીફ ઓફિસર રાહુલ ડોડીયા ગેરહાજર રહી ગંભીર બેદરકારી દાખવતા માહિતી કમિશનરે રૂા.૧૦,૦૦૦/નો દંડ ફટકાર્યો છે, તેમજ માંગેલ માહિતી દિન -૭માં આપવાનો ઓર્ડર કરતા રાજપીપળા શહેરમાં ચકચાર મચી જવા પામી છે. બનાવની વિગત મુજબ દિનેશકુમાર રતનલાલ માછીએ માહિતી અધિકાર નિયમ હેઠળ અરજી કરી હતી કે, રાજપીપળા નગરપાલિકામાં વર્ષોથી ફરજ બજાવતા અમિતભાઈ પરીખનો હોદ્દો, તેઓને ચૂકવેલ પગાર, મળતા લાભો અને તેમની નિમણૂક કાયદેસર છે કે ગેરકાયદેસર વગેરે બાબતોની માહિતી માંગી હતી. જેની માહિતી નગરપાલિકા દ્વારા તેમને આપવામાં આવી ન હતી. જેથી દિનેશકુમાર રતનલાલ માછીએ પ્રથમ અપીલ અધિકારી સુરતને અરજી કરતા તેઓએ દિન-૭ માં માંગેલ માહિતી આપવાનો હુકમ કરેલ પરંતુ કાયદાને ઘોળી પી જઈ પોતાનાની મરજી મુજબ જવાબ આપવા ટેવાયલા ચીફ ઓફિસર રાહુલ ડોડીયાએ કોઈ પોતાનું કશું બગાડી શકે એમ નથી એમ સમજીને માહિતી આયોગના હુકમ બાદ પણ કોઈ માહિતી ન આપી ન હતી, જેથી દિનેશકુમાર માછીએ બીજી અપીલ માહિતી આયોગ ગાંધીનગરને કરતા કમિશનર માહિતી આયોગ દ્વારા ચીફ ઓફિસર રાહુલ ડોડીયાને અનેક વખત તારીખો આપી રૂબરૂ હાજર થઈ જવાબ આપવાનું કહેવા છતાં તેઓએ હાજર થવાની પણ તસ્દી લીધી ન હતી. જેની ગંભીર નોંધ લઈ માહિતી કમિશનરે પોતાના હુકમમાં ચીફ ઓફિસર રાહુલ ડોડીયાને બે જવાબદાર અને માહિતી આપવામાં કોઈ રસ ન ધરાવતા અધિકારી જણાવી તેઓને પોતાના ભંડોળમાંથી અથવા તેમના પગારમાંથી કપાત કરી રૂા.૧૦,૦૦૦નો દંડ ભરવાનો અને દિન-૭માં માહિતી આપવાનો હુકમ કર્યો છે, ત્યારે અત્રે પ્રશ્ન એ ઉભો થાય છે કે શું રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસર રાહુલ ડોડીયા એટલા રીઢા થઈ ગયા છે કે, માહિતી આયોગને પણ ગણકારતા નથી ? ત્યારે ચીફ ઓફિસર રાહુલ ડોડિયાએ થોડા સમય પહેલા જ રાજપીપળા પબ્લિક ગાર્ડનમાં ગેરકાયદેસર બાંધકામ અંગે નર્મદા જિલ્લાના કલેકટરને પણ ખોટા જવાબ આપી ભ્રમિત કર્યા હતા.

# રાજકોટમાં ૧૦૦થી વધુ હિંદુઓએ બૌદ્ધ, ખ્રિસ્તી ધર્મ અપનાવવા માટે અરજીઓ કરી


અમદાવાદ, તા.૨૫

રાજકોટમાં ધર્મ પરિવર્તન માટે ૧૦૦થી વધુ અરજી આવી છે. જેમાં હિંદુ ધર્મમાંથી અન્ય ધર્મ અપનાવવા મંજૂરી માટે અરજી કરવામાં આવી છે. બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા અરજીઓ આવી છે. ૬ મહિનામાં જ ૧૦૦ કરતા વધુ અરજીઓ મળી છે. હિંદુવાદની વાતો વચ્ચે ૧૦૦ લોકોએ ધર્મ પરિવર્તન માટે અરજીઓ કરી છે. બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવા માટેની અલગ અલગ અરજીઓ થઈ છે. અમુક અરજીઓ સામૂહિક પરિવાર માટે થઈ તો અમુક અરજીઓમાં વ્યક્તિગત ધર્મ પરિવર્તન માટે કરવામાં આવી છે. જો કે રાજકોટના સંબંધિત અધિકારીઓએ આ મામલે કોઈપણ માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો. છેલ્લા થોડા સમયથી રાજકોટ શહેર અને જિલ્લામાં સરકાર સામેની નારાજગીના કારણે અનુસૂચિત જાતિના લોકો બૌદ્ધ ધર્મ અપનાવી રહ્યાંની ચર્ચા છે. જેના માટે જિલ્લા કલેકટર સમક્ષ અરજી કરવામાં આવતી હોય છે. છેલ્લા ૬ મહિનામાં કલેકટર કચેરી ખાતે ધર્મ પરિવર્તન માટેની ૧૦૦થી વધુ અરજીઓનો ભરાવો થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

# દિવસમાં બે વાર કોફી પીવાથી તમારૂં લીવર કેવી રીતે સુરક્ષિત રહી શકે છે ?

(એજન્સી) તા.૨૫

તાજેતરના વર્ષોમાં, કોફી નોન-આલ્કોહોલિક ફેટી લિવર ડિસીઝ (એનએએફએલડી) માટે આશ્ચર્યજનક રીતે અસરકારક સાબિત થઈ છે. સંશોધન અભ્યાસોએ કોફીના વપરાશ અને એનએએફએલડીના વિકાસના ઘટાડા જોખમ વચ્ચેની આશાસ્પદ કડી શોધી કાઢી છે. કોફી યકૃતના સ્વાસ્થ્ય માટે બહુપક્ષીય લાભો ધરાવે છે. યકૃત, વિવિધ મેટાબોલિક પ્રક્રિયાઓ માટે જવાબદાર એક મહત્વપૂર્ણ અંગ છે, જેને નબળા આહાર, સ્થૂળતા અને બેઠાડુ જીવનશૈલી જેવા પરિબળોને કારણે નુકસાન થાય છે, જે NAFLD રોગની શરૂઆત અને પ્રગતિમાં ફાળો આપે છે. કોફી સંભવિત રીતે ઢાલ બને છે, જે યકૃતના કાર્યને હકારાત્મક અસર કરે છે અને NAFLD સામે લડવા માટે કામ કરે છે.



**કોફી યકૃતને કેવી રીતે સુરક્ષિત કરે છે ?**

કોફીના મુખ્ય ઘટકોમાંનું એક, કેફીન, સેન્ટ્રલ નર્વસ સિસ્ટમને ઉત્તેજિત કરે છે અને અસંખ્ય જૈવિક પ્રતિક્રિયાઓને ઉત્તેજિત કરે છે. તે ચરબી ચયાપચયમાં સામેલ ઉત્સેચકોને સક્રિય કરીને ચરબીના ભંગાણને વધારે છે. આમ કરવાથી, તે સંભવિતપણે યકૃતના કોષોમાં ચરબીના સંચયને અટકાવે છે, NAFLDની પ્રગતિને અટકાવે છે. વધુમાં, કેફીન પિત્તના ઉત્પાદનને ઉત્તેજિત કરે છે, ચરબીના પાચનમાં મદદ કરે છે અને શરીરમાંથી તેના ઉત્સર્જનને સરળ બનાવે છે, તેથી યકૃત પરનો ભાર ઓછો થાય છે. જો કે, માત્ર કેફીન એ યકૃતના સ્વાસ્થ્ય માટે કોફીની સંપૂર્ણ રોગનિવારક સંભાવના માટે જવાબદાર નથી. સાથે એન્ટીઑકિસડન્ટમાં ખાસ કરીને ક્લોરોજેનિક એસિડ્સ અને પોલિફેનોલ્સ, કોફી બીન્સમાં વિપુલ પ્રમાણમાં હોય છે અને તે સોજા વિરોધી અને એન્ટીઑકિસડન્ટ ગુણધર્મો દર્શાવે છે. આ સંયોજનો હાનિકારક મુક્ત રેડિકલનો નાશ કરે છે, ઓક્સિડેટીવ તણાવ અને યકૃતની પેશીઓમાં સોજો ઘટાડે છે જે NAFLDની પ્રગતિમાં સંકળાયેલા બે મહત્વપૂર્ણ પરિબળો છે. તદુપરાંત, આ એન્ટીઑકિસડન્ટ ઈન્સ્યુલિન સંવેદનશીલતાને મોડ્યુલેટ કરે છે, સંભવિતપણે ઈન્સ્યુલિન પ્રતિકારના જોખમને ઘટાડે છે, જે NAFLD વિકાસ માટે એક પરિબળ છે. જ્યારેર તમારૂ શરીર કેફીનનું પાચન કરે છે, ત્યારે તે પેરાક્સેન્થિન નામનું રસાયણ બનાવે છે જે ફાઈબ્રોસિસમાં પેશીના વિકાસને ધીમું કરે છે. તે લીવર કેન્સર, આલ્કોહોલ-સંબંધિત સિરોસિસ, નોન-આલ્કોહોલ-સંબંધિત ફેટી લીવર રોગ અને હેપેટાઈટિસ સી સામે લડવામાં મદદ કરી શકે છે.

**અભ્યાસ મુજબ કોફી કેટલી સલામત છે ?**

અવલોકનાત્મક અભ્યાસો અને ક્લિનિકલ ટ્રાયલ્સના પુરાવાઓમાં કોફીના વપરાશ અને NAFLD થવાના જોખમમાં ઘટાડા વચ્ચે ડોઝ અને સંબંધ જાહેર કર્યો છે. દરરોજ લગભગ બેથી ત્રણ કપ કોફીનું સેવન કોફી ન પીનારાઓની તુલનામાં NAFLDના નોંધપાત્ર પ્રમાણમાં ઓછા પ્રસાર સાથે સંકળાયેલું છે. તેમ છતાં, વ્યક્તિગત પ્રતિભાવો અલગ-અલગ હોઈ શકે છે, કારણ કે વધુ પડતા કેફીનનું સેવન હૃદયના ધબકારા અને ચિંતામાં વધારો થવા જેવી પ્રતિકૂળ અસરો તરફ દોરી શકે છે. NAFLDના નિવારણમાં ભૂમિકા ઉપરાંત, અભ્યાસો સૂચવે છે કે નિયમિત કોફીનું સેવન લિવર સિરોસિસનું જોખમ ઘટાડી શકે છે. વધુમાં, કોફીનું સેવન યકૃતના કેન્સરના જોખમમાં ઘટાડા સાથે સંકળાયેલું છે, તે સંભવતઃ તેની એન્ટીઑકિસડન્ટ અસરોને કારણે છે. પરંતુ અહીં કેટલીક સાવચેતી રાખવી જોઈએ. તમારી કોફીમાં ખાંડની માત્રા ઓછી રાખો. હેલ્થકેર પ્રોફેશનલ્સની સલાહ લો. કોફી અને યકૃતના સ્વાસ્થ્ય વચ્ચેનો સંબંધ સંશોધન રસપ્રદ છે, જે યકૃતના રોગો સામે લડવામાં નવી આંતરદૃષ્ટિ આપે છે. જેમ જેમ વિજ્ઞાનીઓ આ જટિલ સંબંધમાં ઊંડા ઉતરે છે તેમ તેમ, કોફી માત્ર સવાર માટે જ નહીં પણ તે આપણા યકૃતને સુરક્ષિત કરતું શક્તિશાળી અમૃત પણ સાબિત થઈ શકે છે.

# શ્રી સમસ્ત ખાંટ રાજપુત સમાજ કેળવણી વિકાસ મંડળ જેતપુર દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

જૂનાગઢતા. ૨૫

શ્રી સમસ્ત ખાંટ રાજપૂત સમાજ કેળવણી વિકાસ મંડળ ગુજરાત રાજય જેતપુર દ્વારા ભારતભરમાં વસ્તા ખાંટ રાજપુત સમાજના તેજસ્વી તારલાઓનો સત્કાર સન્માન, સમસ્ત ખાંટ રાજપુત સમાજનું સ્નેહમિલન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ ત્રિવિધ કાર્યક્રમ મંડળના પ્રમુખ ભાવેશભાઈ દેવધરીયાના માર્ગદર્શન હેઠળ પ્રો.અરવિંદ એન. સરવૈયાના અધ્યક્ષસ્થાને તથા નાથાભાઈ મોરી એડવોકેટ જૂનાગઢ, પોપટભાઈ મુળીયા, એડવોકેટ જૂનાગઢ તથા દિલીપભાઈ કંડોલીયા, એડવોકેટ રાજકોટના વરદ્હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવેલ હતું. જેમાં જૂનાગઢ જીલ્લા ભાજપના પ્રમુખ કિરીટભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતીમાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થી ભાઈ-બહેનોને શિલ્ડ-મેડલ તથા પ્રમાણપત્રો સાથે ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઈત્તર પ્રવૃત્તિ જેવી કે રમત-ગમત કે સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં રાજય કે નેશનલ કક્ષાએ વિજેતા થયેલાનું પણ આ તકે સન્માન કરવામાં આવ્યું હતું.

આ તકે એડવોકેટ એન.ડી. મોરીએ જણાવેલ હતું કે, આ મંડળ છેલ્લા ૩૦ વર્ષથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન તથા સન્માનવાના કાર્યક્રમો સાથે સ્નેહમિલન જેવા કાર્યક્રમો યોજીને સમાજને એક તાંતણે બાંધવાનું કાર્ય કરે છે. જે માટે ભાવેશભાઈ દેવધરીયા અને તેમની ટીમને અભિનંદન આપી વિદ્યાર્થી ભાઈ-બહેનો ખુબ મહેનત કરીને આગળ વધે તેવી શુભેચ્છા પાઠવી હતી.

કિરીટભાઈ પટેલે પોતાના વકતવ્યમાં જણાવેલ કે વિદ્યાર્થી ભાઈ-બહેનો સમય સાથે તાલ મિલાવીને આગળ વધે, સમયની કેટલી કિંમત છે તે બાબતે વિશેષ સમજણ આપી હતી. અને અંતે વિદ્યાર્થીઓને તમે નકકી કરેલ ગોલમાં સફળ થાવ તેવી શુભેચ્છા પાઠવી હતી. આ કાર્યક્રમમાં પ્રવિણભાઈ વાઘેલા, કોષાધ્યક્ષ જીલ્લા ભાજપ જૂનાગઢ, ભુપતભાઈ સોલંકી સદસ્ય રાજકોટ જીલ્લા પંચાયત તથા ડો.અલ્પેશભાઈ સરવૈયા યુ.એન. મહેતા હોસ્પીટલ અમદાવાદ તથા જ્ઞાતિના આગેવાનો, દાતાઓ અને સમાજના ભાઈ-બહેનો ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન મહામંત્રી દિલીપભાઈ ગુજરાતી, સહમંત્રી મોહનભાઈ ચાવડા તથા સવજીભાઈ ગુજરાતી અને સમગ્ર ટીમ તથા સભ્યો દ્વારા જુદી જુદી સમિતિઓ જેવી કે કાર્યાલય, ભોજન, ઈનામ વિતરરણ, સ્વાગત સહિતની સમિતિઓ દ્વારા કામગીરી કરીને સમારોહ પુર્ણ કરેલ હતો. કાર્યક્રમને અંતે સમુહ નાત ભોજન બધાએ સાથે મળીને લીધું હતું તેમ એક યાદીમાં જણાવેલ છે.

# સોમનાથ પોસ્ટ ઓફિસને દેશની આઈકોનીક-ઐતિહાસિક સાંસ્કૃતિક વારસા કલા-કોતરણીથી સુશોભિત કરાઈ





વેરાવળ તા.૨૫

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર દેશના આઈકોનીક કેન્દ્રોમાં સ્થાન પામેલું છે. દેશ વિદેશના લાખો પ્રવાસીઓ સોમનાથ દર્શન-પ્રવાસ યાત્રાએ આવે છે. તિર્થોત્તમ અનુરૂપ પ્રભાસ પાટણ સોમનાથ મંદિર પાસે આવેલી પોસ્ટ ઓફિસને આઈકોનીક એટલે કે દેશ વિદેશના પ્રવાસીઓને ગુજરાતનો ઐતિહાસિક, સાંસ્કૃતિક, મંદિર વારસાથી પ્રભાવિત થાય તેવું સુંદર સુશોભન પોસ્ટ ઓફિસના કાઉન્ટરોનું કરવામાં આવેલ છે. જેમાં પ્રત્યેક કાઉન્ટરોને સાંસ્કૃતિક ગોખ-મધ્યમાં સોમનાથ મંદિર દિગ્વિજય દ્વારા અને કાઉન્ટર નીચેના ભાગમાં ઘુઘવાતા બ્લુરંગી સુમહ મોજાઓ-મંદિર જેવી કાષ્ટ કોતરણી, લાઈટીંગ પ્રકાશથી કોતર કામ-સમુદ્ર ચિત્ર ઝળહળે તેવી પ્લેટ ડીઝાઈનોથી પોસ્ટ ઓફિસને સુશોભિત કરાઈ છે.

# પરિક્રમામાં ૧૨૦૦૦થી વધુ લોકોએ રૂટ ઉપર પ્રાથમિક સારવાર લીધી





જૂનાગઢ, તા.૨૫

ગિરનારની લીલી પરિક્રમામાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૩૬ કિમીના રૂટ ઉપર વિવિધ સ્થળોએ ભાવિકો માટે સારવારની વ્યવસ્થા તબીબી સ્ટાફ અને દવાના જથ્થા સાથે રાખવામાં આવી છે.

જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા પરીક્રમાર્થીઓની પ્રાથમિક સારવાર માટે હંગામી દવાખાના ભવનાથ જીણાબાવાની મઢી સુરજકુંડ પાસે તેમજ માળવેલા આ ઉપરાંત બોરદેવી અને અંબાજી ખાતે તેમજ સિવિલ હોસ્પિટલ દ્વારા ભવનાથમાં વધારે સારવારની જરૂરિયાત ઊભી થાય તો આઈ. સી. યુ. અને ઓકિસજન સાથે વ્યવસ્થા કરવામાં આવી છે. પરિકમાર્થીઓ રૂટ પર આ વ્યવસ્થા અંતર્ગત સારવારનો લાભ લઈ રહ્યા છે.

પંચાયતના વિવિધ કામચલાઉ આરોગ્ય કેન્દ્ર ખાતે રૂટ ઉપર ૧૨,૦૦૦થી વધુ પરિક્માથીઓએ સારવારનો લાભ લીધો હતો. જેમાં ૪૫૨ને તાવ, ૧૨૭ લોકોને ઝાડા, ૯૬ને ઉલટી, ૧૮ને વીંછીદંશ, ૬૭૯૨એ શરીરમાં દુ:ખાવાની ફરિયાદ કરતા તબીબી સ્ટાફ દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જયારે સિવિલ હોસ્પિટલના ભવનાથ ખાતેના નાકોડા સેન્ટરમાં એકને સર્પદંશ તેમજ દુ:ખાવાની અને તાવ શરદી સહિતના દર્દીઓ સહિત આજે કુલ ૨૭ વ્યકિતઓને સારવાર આપવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જીલ્લા પંચાયતની સામાન્ય સભા યોજાઈ વિવિધ સમિતિઓના અધ્યક્ષાની વરણી કરાઈ



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૫

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના નવ નિયુક્ત પ્રમુખ રિદ્ધિબા શક્તિસિંહ જાડેજા તથા નવા હોદ્દેદારોની આજરોજ સાંજે યોજવામાં આવેલી સામાન્ય સભામાં જુદી જુદી આઠ સમિતિના ચેરમેનની બિન હરીફ રીતે વરણી કરવામાં આવી હતી.

જેમાં કારોબારી ચેરમેન તરીકે પૂર્વ ધારાસભ્ય મેઘજીભાઈ કણજારીયાના પુત્ર જીતેન્દ્રભાઈ કણજારીયા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે જેઠાભાઈ કરસનભાઈ હાથીયા, શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે રમાબેન લુણાભા સુમણીયા, આરોગ્ય સમિતિના ચેરમેન તરીકે ગીતાબેન વનરાજભા માણેક, બાંધકામ સમિતિના ચેરમેન તરીકે રણમલભાઈ લખુભાઈ માડમ, સિંચાઈ સમિતિના ચેરમેન તરીકે રેખાબેન પ્રતાપભાઈ પિંડારિયા, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન તરીકે લાભુબેન જગાભાઈ ચાવડા તેમજ અપીલ સમિતિના ચેરમેન તરીકે રિધ્ધીબા શક્તિસિંહ જાડેજાની બિનહરીફ રીતે વરણી કરવામાં આવી હતી.

ઉપરોક્ત તમામ સમિતિઓ તથા સદસ્યોના ટેકાથી સર્વાનુમતે વરણી થયા બાદ તમામ નવા અધ્યક્ષએ પોતાનો ચાર્જ સંભાળી લીધો હતો. આગામી દિવસોમાં તમામ વિભાગની સમિતિઓની બેઠકોનું આયોજન થઈ રહ્યું છે. જેમાં પેન્ડિંગ રહેલા વહીવટી કામોના નિરાકરણનું આયોજન પણ હાથ ધરવામાં આવશે. આ નવનિયુક્ત હોદ્દેદારોને જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન પી.એસ. જાડેજા, ભરતભાઈ ચાવડા, રસિકભાઈ નકુમ, હિતેશભાઈ પિંડારિયા, સંજયભાઈ નકુમ, જે.ડી. નકુમ, મશરીભાઈ નંદાણીયા વિગેરેએ આવકારી, શુભેચ્છાઓ પાઠવી હતી.



રાજકારણમાં રહીએ પછી આપણને કયારેય અંતર આત્માનો અવાજ સંભળાય ખરો?



મને તો શંકા છે કે તારે કારણે જ મોંઘવારી વધી રહી છે.!

# UNM ફાઉન્ડેશન દ્વારા આયોજીત અભિવ્યક્તિની ૫મી આવૃત્તિ પ્રથમ દિવસની શરૂઆત હાર્દિક દવેના ફોક સૂફી ફ્યુઝન પરફોર્મન્સથી કરવામાં આવી

## ૫૦ વિઝ્યુઅલ આર્ટ સ્ટોરીઝ તેમના મુળસ્વરૂપ સાથે કોઈ છેડછાડ કર્યા વગર પ્રદર્શિત કરવામાં આવી છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૫

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર સ્થાપિત **UNM** ફાઉન્ડેશનની એક પહેલ એવા અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેકટ કાર્યક્રમની પાંચમી આવૃત્તિના પ્રથમ દિવસનો પ્રારંભ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે તમામ ઉંમર અને વર્ગના કલા પ્રેમીઓની મોટી સંખ્યામાં હાજરી સાથે કરવામાં આવ્યો. ઉપસ્થિત કાલાપ્રેમીઓએ ફોક સૂફી ફ્યુઝન પરફોર્મન્સ અને વિઝ્યુઅલ આર્ટ સ્ટોરીઝને મનભરીને માણી હતી. કાર્યક્રમના પ્રથમ દિવસે મ્યુઝિક ઈન્ડસ્ટ્રીના ખ્યાતનામ કલાકાર હાર્દિક દવેએ દર્શકોથી ખીચોખીચ ભરેલ એમ્ફી થિયેટરમાં દમદાર ઓપનિંગ પર્ફોર્મન્સ રજુ કરી ઉપસ્થિત સર્વ કલાપ્રેમીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. હાર્દિકના ૧૨ કલાકારો વાળા લોક ફ્યુઝન બેન્ડ ‘‘એકતારા’’ દ્વારા તૈયાર કરવામાં આવેલ રચના ઉદઘાટન દિવસ ઉપર રજુ કરી હતી. દુનિયાભરના વિવિધ સંગીત વિષયો સાથે પારંપારિક સંગીત શૈલીના સમિશ્રણ અને સંયોજન માટે જાણીતા હાર્દિક દવે એ પૂર્વી લોક સંગીતના માધ્યમથી એક ખોજીની યાત્રાનું વર્ણન રજુ કરી જીવનમાં સંતુલનનું મહત્વ સમજાવ્યુ હતું. આ પ્રદર્શન દ્વારા તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આત્મ ખોજની શોધમાં જંગલમાં જવાની જરૂર નથી. તેની જગ્યાએ કોઈપણ વ્યક્તિ સામાન્ય જીવન જીવતા તેની સાથે સામંજસ્યપૂર્ણ સંતુલન સ્થાપિત કરીને આત્મ ખોજની સફર શરૂ કરી શકે છે.

મ્યુઝિકલ પરફોર્મન્સ શરૂ થાય તે પહેલાં કલાપ્રેમીઓ ફેસ્ટિવલમાં પ્રદર્શિત કરાયેલ વિઝ્યુઅલ આર્ટનો આનંદ લેતા જોવા મળ્યા હતા. ૫૦ પ્રતિભાશાળી કલાકારોએ વિવિધ વિચાર પ્રેરક ૫૦ વિઝ્યુઅલ આર્ટ સ્ટોરીઝ પ્રદર્શીત કરી હતી. કાર્યક્રમના સ્થળે મુકવામાં આવેલી. આ રચનાઓ તેમની થીમના આધારે વિભાજિત કરવામાં આવી છે જેમ કે, ઈન્સ્ટોલેશન, ફેબ્રિક ઈન્સ્ટોલેશન, પેઈન્ટિંગ્સ, ફોટોગ્રાફી, પ્રિન્ટ મેકિંગ, સ્કલ્પચર અને વિડિયો આર્ટ્સ વગેરે. જેમણે કલા સિદ્ધાંતના જ્ઞાન, વાર્તાઓ અને વર્ણનોને સમજવાની જિજ્ઞાસાએ પોતાના પરિપ્રેક્ષ્યને વિસ્તૃત બનાવ્યુ છે તેવા ધારા દવે વ્યાસે વિઝ્યુઅલ આર્ટસ વિભાગ માટે ક્યુરેટર તરીકે કામ સંભાળ્યુ હતું. સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટના એમ.એફ.એ. સ્નાતક અમિ પટેલ દ્વારા વિઝ્યુલ આર્ટ ઈન્ટોલેશન આર ધ રિફ્લેક્શન- ધ સ્ટોરી ઓફ માઈન્ડસ રિફ્લેક્શન રજુ કરવામાં આવી હતી. જેમાં માનવ મનની વિવિધ ધારણાઓના સ્તર, પ્રતિબિંબોનો ઉપયોગ કરીને ઈન્ટોલેશન સાથે વિવિધ દ્રષ્ટિકોણની શોધ રજુ કરવામાં આવી હતી. સામગ્રીઓની પરસ્પર ક્રિયાના માધ્યમથી તેમની કલા દર્શકોને સાર્વભૌમિક ઉર્જા અને અસ્તિત્વ પ્રત્યે શ્રદ્ધા ઉભી કરે છે તેમજ તેમની અનન્ય ધારણાઓમાં ઊંડા ઉતારવા, અર્થઘટન કરવા અને નવી ધારણાઓ બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

# ઉના : સગીર વયની બાળાના અપહરણ કેસનો આરોપી ઝડપાયો : પોસ્કો હેઠળ કાર્યવાહી

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૫

ઊના પોલીસ સ્ટેશનમાં થોડા મહિના પહેલા એક સગીર વયની બાળાને ઊનાના રામનગર ખારા વિસ્તારમાં રહેતો અજય ભીખાભાઈ મકવાણા રે.ઊના વાળો લલચાવી ફોસલાવી અપહરણ કરી નાસી ગયો હતો અને તેની સામે ઊના પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. ૩૬૩,૩૬૬, પોકસો એકટની કલમ ૧૮ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પોલીસ ઈન્સ્પેકટર એન.કે. ગૌસ્વામી ની સૂચનાથી ઊના સર્વલન્સ સ્કવોડના પી.એસ.આઈ.સી.બી. જાડેજા, એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિહ માનસિંહ પરમાર, પ્રદીપસિંહ હરીસિંહ રાયજાદા, પો.કો. રાહુલભાઈ નારણભાઈ છેલનાં અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે રામેશ્વર ગામના પાટિયા પાસે એક યુવાન શંકાસ્પદ રીતે ઉભેલ હોય તેની આગવી પૂછ પરછ કરતા તેમણે તેમનું નામ અજય ભીખાભાઈ મકવાણા રે. ઊના હાલ સુત્રાપાડા ફેક્ટરી પાસેનું જણાવેલ અને તેને ઊના પોલીસ



સ્ટેશને લાવી અપહરણ અને પોસ્કો અંતર્ગત ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## સલમાન ખાનને બિશ્નોઈનો ડર

# સલમાન ખાનની ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા વધારાઈ

મુંબઈ, તા. ૨૫

સેલિબ્રિટીઝ અને તેમની આસપાસની કડક સુરક્ષા હંમેશા ચર્ચાનો વિષય હોય છે. હાલમાં જ મુંબઈ એરપોર્ટની બહાર એક્ટર સલમાન ખાનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આમાં સલમાનની આસપાસ ભારે સુરક્ષા જોઈ શકાય છે. સલમાન ૫૪માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં ભાગ લેવા ગયો હતો. ત્યાંથી પરત ફરતી વખતે આ વીડિયો છે. જેમાં સલમાનનો બોડીગાર્ડ પણ એક ફેનને ધક્કો મારતો જોવા મળે છે. એક ફેન્સ સલમાન તરફ ફૂલોનો ગુલદસ્તો લઈને જઈ રહ્યો છે, જ્યારે બોડીગાર્ડે તેને એક તરફ ધકેલી દીધો. આ વીડિયો પર નેટીઝન્સ દ્વારા વિવિધ પ્રતિક્રિયાઓ મળી રહી છે. સલમાનની સાથે મુંબઈ એરપોર્ટની બહાર કડક સુરક્ષા ગોઠવવામાં આવી હતી. સલમાન સાથે વાય પ્લસ સિક્યોરિટી સાથે અન્ય બોડીગાર્ડની ટીમ સાથે તેમનો એક ખાનગી બોડીગાર્ડ પણ હતો. આ સુરક્ષાકર્મીઓના હાથમાં હથિયાર હતા. સલમાન જ્યારે એરપોર્ટ ગેટની બહાર નીકળ્યો ત્યારે બોડીગાર્ડ તેની રાહ જોઈ રહ્યા હતા.

બસ, એક ફેન્સ હાથમાં ફૂલોનો ગુચ્છો લઈને સલમાન તરફ ચાલવા લાગે છે. સલમાન તેની નજીક પહોંચે તે પહેલા બોડીગાર્ડ્સે તેને એક તરફ ધકેલી દીધો. આ વીડિયોના કોમેન્ટ બોક્સમાં ઘણા લોકોએ કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો ઉલ્લેખ કર્યો છે. લોરેન્સે સલમાનને ઘણી વખત મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ તેની સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સલમાનને હાલમાં વાય પ્લસ સુરક્ષા આપવામાં આવી છે. ‘‘આ લોરેન્સ બિશ્નોઈનો ડર છે,’’ એકે કહ્યું. અન્ય એક યુઝરે લખ્યું છે કે ‘બિશ્નોઈની ધમકીનું પરિણામ. થોડા દિવસો પહેલા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈએ સલમાનને જેલમાંથી ધમકી આપી હતી. એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં લોરેન્સે ૧૯૯૮ના કાળિયાર શિકાર મામલે સલમાન પાસેથી માફી માંગવાની માંગ કરી હતી. તેમણે ચેતવણી આપી હતી કે અન્યથા તેમણે પરિણામ ભોગવવા પડશે. લોરેન્સે કહ્યું હતું કે સલમાને બિશ્નોઈ સમુદાયની માફી માંગવી




જોઈએ. જાનથી મારી નાખવાની ધમકીઓ મળ્યા બાદ સલમાન ખાને પોતાની સુરક્ષા માટે હથિયાર રાખવાના લાયસન્સ માટે અરજી કરી હતી. પોલીસ દ્વારા તેને લાયસન્સ આપવામાં આવ્યું હતું. લોરેન્સ બિશ્નોઈ હાલ દિલ્હીની તિહાર જેલમાં બંધ છે.

# ગાંધીનગરમાં 'ગ્લોબલ પ્રોફેશનલ એકાઉન્ટન્ટ્સ કન્વેન્શન'નું ઉદઘાટન કરતા ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર







ગાંધીનગર તા.૨૫

ગાંધીનગરમાં 'ગ્લોબલ પ્રોફેશનલ એકાઉન્ટન્ટ્સ કન્વેન્શન'નાં ઉદઘાટન સત્રને સંબોધન કરતાં ઉપરાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કરવેરાની ચોરી અને નાણાકીય છેતરપિંડીથી અર્થતંત્રની નાણાકીય સ્થિરતા અને આર્થિક વૃદ્ધિ જોખમાય છે. તેમણે ત્યાં ઉપસ્થિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને કહ્યું, "ચોકીદારો તરીકે તમારી ક્ષમતા આને કાબૂમાં રાખવા માટે પૂરતી શક્તિશાળી છે.

ટેક્સ સિસ્ટમ માત્ર એટલી જ સારી અથવા જટિલ છે જેટલી ટેક્સ પ્રોફેશનલ્સ તેને બનાવે છે તેટલી જ જટિલ છે તેવું અવલોકન કરતાં તેઓ ઈચ્છતા હતા કે તમામ સીએ સરળતા અને પારદર્શિતામાં વધારો કરતી શ્રેષ્ઠ પદ્ધતિઓના બેન્ચમાર્કિંગમાં વૈશ્વિક નેતાઓ બનવાની પ્રતિજ્ઞા લે.

"કરવેરાના આયોજન અંગે સલાહ આપવી એ તમારું કાર્યક્ષેત્ર છે. પરંતુ આ ડોમેનમાં પાતળી રેખા છે. આને ટેક્સ ડોજિંગ અને કરચોરી સુધી લંબાવવું જોઈએ નહીં, "તેમણે જણાવ્યું હતું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને કરવેરા આયોજન અને કરચોરી વચ્ચેની આ પાતળી રેખાના સંરક્ષક તરીકે વર્ણવતા તેમણે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને "હંમેશા કરવેરા આયોજનની તરફેણમાં ઝુકાવવા અને કરચોરીને વખોડી કાઢવા" જણાવ્યું હતું.

પોતાના સંબોધનમાં ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, નાણાકીય અખંડિતતાના સંરક્ષક તરીકે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે પારદર્શક અને જવાબદાર નાણાકીય વ્યવસ્થાઓને સુરક્ષિત કરવા માટે કાર્યવાહી દ્વારા ઉદાહરણ આપવાની જરૂર છે. જો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ આટલો બધો દ્રઢ નિશ્ચયી હોય તો કોઈ કાનૂની ઉલ્લંઘન કે બારીનું ડ્રેસિંગ ન થઈ શકે એમ ભારપૂર્વક જણાવતાં ધનખરે કહ્યું હતું કે, "આ કામ તમે એકલા જ કરી શકો છો. બીજું કોઈ આવું ન કરી શકે. આ તમારું એક્સક્લુઝિવ ડોમેન છે. જ્યારે સીએ ઊભો થાય છે, ત્યારે પ્રતિકાર ક્ષણિક હોઈ શકે છે, આખરે તેણે જીતવું જ પડે છે."

ઉપરાષ્ટ્રપતિએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો, જે દેશનાં આર્થિક વિકાસને 'નર્વ સેન્ટર એન્ડ એપિસેન્ટર ઑફ બિગ ચેન્જ'નાં રૂપમાં આગળ વધારશે, જે વર્ષ ૨૦૪૭માં ભારતનું સ્વરૂપ ધારણ કરશે. તેમણે ભ્રષ્ટાચાર સામે લડવા, ખામીઓનો પર્દાફાશ કરવા અને કોર્પોરેટ ગોટાળાને ઓળખવામાં તેમના યોગદાન પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તેમનો નિશ્ચય કાનૂની ઉલ્લંઘન અને વિંડો ડ્રેસિંગ પ્રથાને દૂર કરી શકે છે.

'નૈતિકતા સાથે સમાધાન કરવું એ નાણાકીય વિશ્વમાં ધરતીકંપથી ઓછું નથી' તેવી ચેતવણી આપતાં ઉપરાષ્ટ્રપતિએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, નાણાકીય અહેવાલો, ઓડિટિંગ, કરવેરા અને કન્સલ્ટિંગ સેવાઓમાં વિશ્વાસ અને અખંડિતતાને પ્રોત્સાહન આપવામાં નૈતિકતા મુખ્ય ભૂમિકા ભજવે છે. સરકાર માટે માત્ર મહેસૂલી આવકથી પણ આગળ વધીને વાજબી કરવેરા અને નાણાકીય અહેવાલ પ્રણાલીના મહત્ત્વ પર ભાર મૂકતાં ધનખરે તેમનાં ગ્રાહકોને કાયદાનાં નિયમનું પાલન કરાવવાની પ્રશંસા કરી હતી. તેમણે પ્રશંસા કરી હતી કે, "ભારતમાં સીએ સૌથી વધુ 'એથિક્સ ક્વોશન્ટ' ધરાવે છે.

તેમણે સમકાલીન શાસન વ્યવસ્થા માટે પણ અપીલ કરી હતી, જે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સને જાહેર હિત પ્રાપ્ત કરવા અને દેશનાં વિકાસ માટે ઊર્જા મુક્ત કરવામાં મદદરૂપ થઈ શકે.

ઉપરાષ્ટ્રપતિએ ભારતના આ નોંધપાત્ર આર્થિક માર્ગની પ્રશંસા કરી હતી, જે 'નાજુક-પાંચ અર્થતંત્રો'માંથી ખસીને હવે ૨૦૨૨માં યુકે અને ફ્રાંસની આર્થિક ક્ષમતાને વટાવીને એક દાયકાના ટૂંકા ગાળામાં પાંચમા ક્રમની સૌથી મોટી વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ ધરાવે છે. ધનખરે વર્ષ ૨૦૩૦ સુધીમાં જાપાન અને જર્મનીને પાછળ છોડી દેવાની દિશામાં ભારતની ગતિ પર ભાર મૂક્યો હતો અને દેશને વિશ્વના ત્રીજા ક્રમના સૌથી મોટા અર્થતંત્રના સ્થાન તરફ દોરી ગયા હતા.

જીએસટીનો ઉલ્લેખ "આધુનિકતા સાથેનો પ્રયાસ" તરીકે કરતાં ઉપરાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, તે આઝાદી પછીનો સૌથી મોટો કરવેરા સુધારો છે, જે દેશના પરોક્ષ કરવેરાના પરિદ્રશ્યને સંપૂર્ણપણે બદલી નાખે છે. તેમણે વસ્તુ અને સેવા વેરાને વપરાશકર્તાને અનુકૂળ 'ગૂડ એન્ડ સિમ્પલ ટેક્સ'માં આકાર આપવામાં તેમની ભૂમિકા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સનાં જૂથની પણ પ્રશંસા કરી હતી.

ઉપરાષ્ટ્રપતિએ સ્વીકાર્યું હતું કે, ભારત નાણાકીય અને એકાઉન્ટિંગ પ્રક્રિયાઓનાં વૈશ્વિક કેન્દ્ર સ્વરૂપે વિકસી રહ્યું છે, જેમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દેશનાં નાણાકીય અને એકાઉન્ટિંગ માળખાનાં નિર્માણ, પ્રમાણભૂતતા અને સ્થાયી કરવામાં ઉત્કૃષ્ટ ભૂમિકા ભજવે છે. અંતમાં, ઉપરાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આઈસીએઆઈ રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે એકાઉન્ટિંગ અને ઓડિટિંગ ધોરણો અને નૈતિક અખંડિતતાના વધુ સંવર્ધન અને વૃદ્ધિ માટે વૈશ્વિક કેનવાસ પર તેની છાપ બનાવવાનું ચાલુ રાખશે. આ કાર્યક્રમમાં ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ અને કાપડ મંત્રાલયનાં માનનીય કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ, ગુજરાત સરકારનાં સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણનાં રાજ્ય કક્ષાનાં મંત્રી આદરણીય પ્રફુલ પાંશેરિયા, ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ એકાઉન્ટન્ટ્સ (આઈએફએસી)નાં પ્રમુખ સુ અસ્મા રેસ્મૌકી, સીએ અનિકેત એસ. તલાટી, આઈસીએઆઈનાં પ્રમુખ અનિકેત એસ. તલાટી અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

# શિવરાજપુર બીચ પર પેરાગ્લાઈડિંગ કરતી વખતે યુવાન ઉપરથી નીચે પટકાયો





**બીચ પર તમામ એક્ટિવિટી બંધની સુચના છતાં તંત્રની કામગીરી સામે સવાલ**

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૫

દ્વારકા પર્યટકો માટે સૌથી વધુ પસંદગીનું ફરવાનું સ્થળ બન્યું છે. દ્વારકાની આજુબાજુ આવેલ શિવરાજપુર બીચ, ગોમતી ઘાટ, અને બેટ દ્વારકા ખાતે સ્કુબા ડાઈવિંગ, બોટીંગ અને પેરાગ્લાઈડિંગ અંગેની કથિત રીતે ગેરકાયદે પ્રવૃત્તિ કોઈપણ સુરક્ષાના સાધનો વગર, ધમધમતી હોવાના કારણે યાત્રિકોના જીવ પર જોખમ તોળાઈ રહ્યું છે.

ત્યારે ગઈકાલે શુક્રવારે આવી જ એક ઘટના શિવરાજપુર બીચ પરથી સામે આવી છે. અહીં પેરાગ્લાઈડિંગ કરતા એક યાત્રિકનો અકસ્માત થયો હોવાનો વિડીયો સામે આવ્યો છે. પેરાગ્લાઈડિંગ દરમિયાન એક યાત્રિક આશરે ૨૦ ફુટ ઊંચાઈથી પટકાયો હોવાનું જાણવા મળેલ છે. જોકે આ ઘટનામાં યાત્રિકને સામાન્ય ઈજા પહોંચી હતી.

શિવરાજપુર બીચ ખાતે બોટ રાઈડ અને પેરાગ્લાઈડિંગ, સ્કુબા ડાઈવિંગનો વેપાર અનધિકૃત રીતે વધ્યો હોવાનું કહેવાય છે. ત્યારે હજારો યાત્રિકો બોટ રાઈડ, પેરાગ્લાઈડિંગ, સ્કુબા ડાઈવિંગનો જોખમી રીતે આનંદ ઉઠાવતા નજરે પડે છે. મોટા ભાગની બીચ સ્પોર્ટસ એક્ટિવિટી દરમિયાન સેફ્ટી જેકેટ પણ ન પહેરાવાતા હોવાનું પણ કહેવાય છે.

શિવરાજપુર બીચ પરના મેનેજરના જણાવ્યા મુજબ શિવરાજપુર બ્લુ ફ્લેગ બીચ પર તમામ જાતની વોટર સપોર્ટ એક્ટિવિટી પર હાલ પ્રતિબંધ છે.

# સોમનાથ કાર્તિકી પુર્ણિમા મેળાનું આવતીકાલે થશે સમાપન





(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨૫

ભારત બાર જયોતિર્લીંગ પ્રથમ સોમનાથ મહાદેવ પંચદિવસીય કાર્તિક પુર્ણિમાના મેળાનું તા.૨૬ નવેમ્બર રવિવારે મધ્યરાત્રીએ એક વાગ્યા બાદ સમાપન.

કાર્તિક પુર્ણિમાના દિવસે સોમનાથ મંદિર મધ્યરાત્રીના એક વાગ્યા સુધી દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે. અને મધ્યરાત્રીએ બાર વાગ્યે વિશેષ મહાપુજન અને મહાઆરતી થશે. કાર્તિકી પુર્ણિમાએ કૈલાસ મહામેરૂ પ્રસાદ નામે ઓળખાતા આ ભવ્ય દેવાલય ઉપર મધ્યરાત્રીએ ખગોળ-શ્રધ્ધાની દ્રષ્ટીએ શિખરની સીધી લીટીમાં વિશેષ રીતે ગોઠવાય છે કે જાણે શિવ ધ્યાનસ્થ થઈ જાણે ભગવાન શિવે ચંદ્રને મસ્તક ઉપર ધારણ કર્યો હોય તેવી શ્રધ્ધા અનુભૂતિ કાર્તિકી પુર્ણિમાએ થાય છે. કાર્તિક પુનમના મેળામાં ખાણીપીણી સ્ટોલો, મનોરંજન કરતા ડાગલાઓ, મકાન પોટા, ત્રાજવા ત્રોફાવતા લોકો, સીંગોડાના ઠંડાગાર કોપરાનો ભુકો ભભરાવી વેંચાતા સ્વાદિષ્ટ પાનો, વજન કરવાવાળા, પાવા, પીપુડા, ફુગ્ગા વેચનારાઓ અને ચકડોળ, ફજેતફાળકાની રંગત માણનારાઓ ઠેર ઠેર માનવ દરીયો ઠલવાયો છે. ગિરનાર પરિક્રમા વહેલી પુરી કરી સોમનાથ કાર્તીકી પુર્ણિમા મેળામાં આવતા માનવ દરીયામાં જાણે ભરતી જેવો ઉત્સાહ ઉમંગ અને મોલના યુગમાં યે મેળાઓ હજુ જીવંત છે અને રહેશે જ તેવી સંતોષ અનુભિતી કરાવે છે.

# રવિવારે ત્રિપુરારી પૂર્ણિમાનું મહત્વ અને વૈકુઠ ચર્તુદશીનું મહત્વ

કારતક સુદ ચૌદશને રવિવાર તા.૨૬-૧૧-૨૩ના દિવસે વ્રતની પૂનમ ત્રિપુરારી પૂર્ણિમા છે. આ દિવસે બપોરે ૩:૫૪ સુધી ચૌદશ તિથી છે ત્યાર બાદ પૂનમ તિથી છે. આ પૂનમનું મહત્વ વધારે રાત્રે પ્રઘેધકાળના સમયે હોતા રવિવારે વ્રતની પૂનમ છે અને સાથે આ દિવસે જ ત્રિપુરારી પૂર્ણિમા છે. સાથે આ દિવસે વૈકુંઠ ચર્તુદર્શી પણ છે. આ દિવસને કાર્તિક પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. આ દિવસે મહાદેવજીએ ત્રિપુર નામના દૈત્યનો વધ કરી અને દેવોને મુકત કર્યા હતા. આથી આ દિવસને ત્રિપુરારી પૂર્ણિમા તથા દેવ દિવાળી પણ કહે છે. આપણા સૌરાષ્ટ્રમાં દેવ દિવાળી કારતક સુદ ૧૧ના દિવસે મનાવયા છે.

જયારે બીજે બધે કારતક શુદ પૂનમના દિવસે દેવ દિવાળી મનાવામાં આવે છે. આ દિવસે એકટાણું અથવા ઉપવાસ કરવો અને સાંજના સમયે ઘીનો દિવો મંદિરમાં ભગવાન પાસે કરવો આમ દિપદાનનું મહત્વ આ દિવસે વધારે છે. સાથે આ દિવસે રવિવારે વૈકુંઠ ચર્તુદર્શી પણ છે. આ દિવસે ભગવાન વિષ્ણુ વૈકુંઠમાંથી કાશીમાં શંકરપૂજા કરવા આવ્યા અને પૂજામાં સાથે ૧૦૦૦ કમળ લઈ આવ્યા પરંતુ પૂજા કરતી સમયે તેમાં એક કમળ ઘટે છે ૯૯૯ કમળ જ થાય છે. વિષ્ણુ ભગવાન વિચારે છે મે કમળ બરાબર ગણ્યા હતા પુરા એક હજાર કમળ હતા પરંતુ અત્યારે ૯૯૯ કમળ છે અને પુજા કરતા ઉઠાય નહી તો વ્રત ભંગ થાય આથી શું કરવું ?

ત્યાર બાદ વિષ્ણુ ભગવાન નક્કી કરે છે કે પોતાની આંખ પણ કમળ જ છે. તેને નેત્ર કમળ કહેવામાં આવે છે. આથી વિષ્ણુ ભગવાન પોતાની આંખ કાઢવા તૈયાર થાય છે. ત્યારે ચમત્કાર થાય છે ગુમ થયેલ કમળ પોતાના ખોળામાં જુવે છે. તેની સાથે જ ભગવાન મહાદેવ વિષ્ણુ ભગવાનનો હાથ પકડે છે અને કહે છે તમારી પુજાથી હુ પ્રસન્ન થયો છું અને આજથી ત્રીલોકનું રાજય હું તમને સોંપુ છુ અને સાથે રાક્ષસોને મારવા માટે સુદર્શન ચંદ્ર પણ આપુ છું.

ત્યાર બાદ વિષ્ણુ ભગવાન મહાદેવજીને નમન કરે છે. અને આ દિવસ વૈકુંઠ ચતુદર્શીના નામથી પ્રખ્યાત થાય છે.

આ દિવસે ભગવાન વિષ્ણુ તથા મહાદેવજીનું ખાસ પુજન કરવું જોઈએ.

આ વર્ષે રવિવારે વૈકુંઠ અનુદર્શી અને ત્રિપ્રુરારી પુર્ણિમા બંન્ને સાથે ઉજવાશે.

**(શાસ્ત્રી રાજદીપ જોષી- વૈદાંત રત્ન)**

# ખંભાળિયામાં ટાઉન હોલ ખાતે તાલુકાનો રવિ કૃષિ મહોત્સવ યોજાયો





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૫

ખેડૂતોને રવિ સિઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ ટેક્નોલોજી તેમજ ખેડુતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગે માર્ગદર્શન આપવા રાજયના તમામ તાલુકામાં તા. ૨૪ તથા ૨૫ નવેમ્બર દરમિયાન બે દિવસીય રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ચારેય તાલુકામાં ગઈકાલે રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ થયો છે. જેમાં ખંભાળિયા તાલુકાનો કાર્યક્રમ નગરપાલિકા પ્રમુખ રચનાબેન મોટાણીના અધ્યક્ષસ્થાને નગરપાલિકા ટાઉનહોલ ખાતે યોજવામાં આવ્યો હતો. ભાણવડ તાલુકાનો કાર્યક્રમ માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાયો હતો. રવિ કૃષિ મહોત્સવમાં કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા શ્રી અન્ન, બાગાયત પાકોમાં નવીનતમ ટેકનોલોજી જેવા વિષયો ઉપર ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત દ્વારા પ્રાકૃતિક કૃષિના અનુભવો વ્યક્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સહકાર વિભાગના ૨૦ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી દ્વારા શ્રી અન્નના ફાયદા તેમજ શ્રી અન્નને આપનાવી રોગમુક્ત થઈએ તેમ જણાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા અમલીકરણ અધિકારી પી.બી. પરમાર દ્વારા શાબ્દિક સ્વાગત કર્યું હતું. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ આયોજીત આ રવિ કૃષિ મહોત્સવના મુખ્ય આકર્ષણો કૃષિ પરિસંવાદ અને કૃષિ પ્રદર્શન, સરદાર પટેલ કૃષિ સંશોધન, બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ વિતરણ, પશુ આરોગ્ય કેમ્પ, સેવા સેતુ તેમજ સહકારી પ્રવૃત્તિની રૂપરેખા છે. આ પ્રસંગે જિલ્લા કલેકટર અશોક શર્મા અને જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી. ધાનાણી દ્વારા ખંભાળિયા તાલુકાના રામનગરના જાગૃતિબેન કણઝારીયાને તાલુકા કક્ષા બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ (પશુપાલન)''થી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત ખેડૂતોને મહાનુભાવોના હસ્તે યોજનાના મંજૂરીપત્રો, સહાય હુકમોના વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કૃષિ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી કે.કે. કરમટા, અગ્રણી ભરતભાઈ ચાવડા, ઘનશ્યામસિંહ જાડેજા, મામલતદાર વિક્રમ વરૂ, તાલુકા વિકાસ અધિકારી કે.વી. શેરઠીયા તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયામાં આવતીકાલે નેત્ર નિદાન સારવાર કેમ્પનું આયોજન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૫

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવ સેવા સમિતિના ઉપક્રમે આવતીકાલે રવિવાર તા. ૨૬મીના રોજ અત્રે જામનગર હાઈવે પર આવેલી એલ.પી. બદીયાણી હોસ્પિટલ ખાતે સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી વિના મૂલ્યે નેત્ર નિદાન, સારવાર, દવા વિતરણ તેમજ શસ્ત્રક્રિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં રાજકોટની જાણીતી શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટની આંખની હોસ્પિટલના ડોકટરો તથા ટેકનીશિયનો તેઓની સેવા આપશે. આ કેમ્પમાં દર્દીઓને સ્થળ પર જ તપાસી અને દવા તેમજ સારવાર ઉપરાંત ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને આ જ દિવસે બસ દ્વારા રાજકોટ ખાતે લઈ જઈ અને ઓપરેશન બાદ ત્રીજા દિવસે અત્રે પરત મૂકી આવવામાં આવશે.

આ કેમ્પનો મહત્તમ લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારોના નેત્ર દર્દીઓને માનવસેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# પ્રમાણિકતાનું ઉમદા ઉદાહરણ : ખંભાળિયામાં રોકડ તથા ડોક્યુમેન્ટ સાથેનું



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૫

જુનાગઢ રહેતા એક આસામીનું પર્સ ખંભાળિયામાં રેલવે સ્ટેશન રોડ ઉપર આવેલી તેલી નદીના પુલ પાસે પડી ગયું હતું. જેની વ્યાપક શોધખોળ દરમિયાન અહીંના એક દુકાનદાર કાંતિલાલ નાનજીભાઈ સોનગરાને નોંધપાત્ર રોકડ રકમ તેમજ જરૂરી ડોક્યુમેન્ટસ સાથેનું આ પર્સ મળી આવ્યું હતું. જે ફોન નંબર તથા ડોક્યુમેન્ટસના આધારે અહીંના કિર્તીભાઈ ભટ્ટને સુપ્રત કરી, તેમણે આ અંગે પુરસ્કાર પણ ના સ્વીકારીને પ્રમાણિકતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

## ખંભાળિયાના ફાફડેશ્વર મંદિરે આવતીકાલે પાટોત્સવ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૫

ખંભાળિયામાં ખત્રીવાડ ખાતે આવેલા શ્રી ફાફડેશ્વર મહાદેવના મંદિર ખાતે આગામી રવિવાર તારીખ ૨૬ મી ના રોજ પાટોત્સવના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રવિવારે સાંજે પાંચથી રાત્રે દસ વાગ્યા સુધી દર્શનનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને અપીલ કરવામાં આવી છે.


જે.વી. ડોડીયા, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, મેંદરડાની કોર્ટમાં

નં. જન્મ-મરણ/નોંધણી કેસ નં. ૭૫/૨૦૨૩

શ્રી ચંદુલાલ પરસોત્તમભાઈ વેકરીયા
રહે. સમઢીયાળા, તા. મેંદરડા .... અરજદાર

વિરૂધ્ધ

જન્મ/મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સમઢીયાળા, તા. મેંરદડા .... સામાવાળા

**વિષય :-** જન્મ-મરણ અધિ.ની કલમ ૧૩(૩) મુજબ જન્મની નોંધ અંગેનો હુકમ કરવા બાબત

**: જાહેર નોટીસ :**

આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી ચંદુલાલ પરસોતમભાઈ વેકરીયા રહે. સમઢીયાળા તા. મેંદરડાના જન્મ નોંધ (જન્મ તારીખ ૦૧-૦૭-૧૯૬૦) સમઢીયાળા ગ્રામ પંચાયતમાં થયેલ ન હોય, સમઢીયાળા જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરી આપવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. આથી ઉપરોકત અરજી સામે જે કોઈ શખ્સને વાંધો કે તકરાર હોય તો મુદત તા. ૨૩-૧૧-૨૦૨૩ના રોજ બપોરનાં ૧૨.૦૦ કલાકે પોતે જાતે અથવા મુખત્યાર મારફત આ કોર્ટમાં અચુક હાજર રહેવાની નોંધ લેવી. હાજર રહેવામાં કસુર થયે ધોરણસરનો હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૯-૧૧-૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને આપ્યું.

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ મેંદરડા તાલુકા

સહી અવાચ્ય
(જે.વી. ડોડીયા)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
મેંદરડા

# ગિરનારની લીલી પરિક્રમાનો મેળો અંતિમ ચરણમાં : ૧૨ લાખ ભાવિકો ઉમટી પડયા

## ગિરનાર ફરતેની ૩૬ કિલોમીટરની લીલી પરિક્રમામાં પુણ્યનું ભાથું બાંધવા શ્રધ્ધાળુઓનો આ વર્ષે ભારે પ્રવાહ : ભજન, ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમ સમા પરિક્રમાનો મેળો હવે અંતિમ પડાવ ઉપર





(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૫

ગરવા ગિરનારની લીલી પરિક્રમા દેવ દિવાળીના દિવસથી એટલે કે ગુરૂવારથી વિધીવત રીતે શરૂ થઈ હતી. પરિક્રમા શરૂ થાય તે પહેલા વહેલા આવી પહોંચેલા હજારો શ્રધ્ધાળુઓ માટે ગેઈટ ખોલવાની ફરજ પડી હતી અને જેને લઈને અગાઉથી સંખ્યાબધ્ધ ભાવિકોએ વહેલી પરિક્રમા પુણ્ય કરી છે. દરમ્યાન ભજન, ભોજન અને ભકિતના ત્રિવેણી સંગમ સમી અને જંગલમાં મંગલ સર્જાનારી ગિરનારની લીલી પરિક્રમા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. ગઈકાલે મોડી સાંજ સુધીમાં કુલ ૧૧.૪૫ લાખ જેટલા ભાવિકો ઉમટી પડયા છે. ગત બુધવારે વહેલી સવારે ૪:૧૫ કલાકે પરિક્રમાર્થી માટે તંત્રએ ગેઈટ ખોલી નાખ્યા બાદ ગીરી તળેટીમાં માનવ મહેરામણ ઉમટી પડયો હતો. પાંચ વર્ષના બાળકથી લઈ ૮૦ વર્ષના વૃધ્ધ યાત્રિકો પણ પરિક્રમામાં આવી પહોંચ્યા હતા. રેલ્વે, એસટી બસ તેમજ ખાનગી બસો તેમજ જે કોઈ વાહન મળ્યું તેમાં ભવનાથ ખાતે માનવ મહેરામણ પહોંચી ગયો હતો અને હરભોલે જય ગિરનારના નાદ વચ્ચે પરિક્રમા શરૂ કરી દેવામાં આવી હતી. પરિક્રમાર્થીઓની સુવિધાઓ માટે ઠેર-ઠેર અન્નક્ષેત્રો પણ શરૂ કરવામાં આવ્યા છે અને પ્રેમથી પ્રસાદ-ભોજન પીરસવામાં આવે છે. રાત્રીના સંતવાણીના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે અને જેનો હજારો ભકતજનો લાભ લઈ રહ્યા છે. દરમ્યાન શનિ-રવિની રજાને લીધે ધસારો વધે તેવી વહિવટી તંત્રને ધારણા છે અને જેને લઈને વધારાનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પરિક્રમા હવે અંતિમ તબક્કામાં પહોંચી છે અને પરિક્રમા પુર્ણ કરનાર શ્રધ્ધાળુઓ પોતપોતાના સંઘ સાથે જૂનાગઢ અને નજીકના આવેલા ધાર્મિક સ્થળોએ દર્શનાર્થે જઈ રહ્યા છે.



# પરિક્રમા માટે આવેલા પરિવારની ૧૧ વર્ષની બાળકીને દિપડાએ ફાડી ખાતા અરેરાટી : ભયનો માહોલ




(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ક્ષેત્રમાં ગિરનારની લીલી પરિક્રમાનો પાંચ દિવસીય મેળો યોજાયો છે. આ પરિક્રમા દરમ્યાન સેવાનું પુનિત બાંધવા માટે અને પુણ્ય કમાવવા માટે દુર-દુરથી ભાવિકો આવી પહોંચ્યા છે. પોતપોતાના પરિવાર સાથે આવેલા આ શ્રધ્ધાળુઓ ભજન અને ભકિત કરી રહ્યા છે. દરમ્યાન કયારેય ન બની હોય તેવી દુર્ભાગ્યપૂર્ણ ઘટના બની છે. રાજુલા તાલુકાના વિકટર ગામનો એક પરિવાર પરિક્રમા કરવા આવ્યો હતો ત્યારે આ પરિવારની ૧૧ વર્ષની દિકરીને દિપડો ઉપાડી ગયો હતો અને તેને મૃત્યુંના મુખમાં ધકેલી દીધી હતી. આ ઘટનાના પગલે પરિક્રમાર્થીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. દરમ્યાન ભારે જહેમત બાદ દિપડાને પાંજરે પુરવામાં આવ્યો છે.

લીલી પરિક્રમામાં બોરદેવી પાસેના બાવરકાટ વિસ્તારમાં ૧૧ વર્ષિય બાળકીને દિપડાએ ફાડી ખાધી હોવાની ઘટના બનતા પરિક્રમાર્થીઓમાં ભયનું લખલખું પસાર થઈ ગયું છે. શુક્રવારે સવારે ૬ વાગ્યે લઘુશંકા કરવા ગયેલી બાળકી ઉપર દિપડાએ હુમલો કરી દીધો હતો. બાળકીની ચીસાચીસથી જાગી ગયેલો પરિવાર દિપડાની પાછળ દોડ્યો, પણ દિપડો બાળકીને લઈને જંગલમાં નાસી ગયો હતો. બાદમાં બાળકીનો મૃતદેહ મળ્યો હતો. આ ઘટનાથી વન તંત્રમાં ભારે દોડધામ મચી જવા સાથે

### દશ કલાકની જહેમત બાદ દિપડો પાંજરે પુરાયો

આદમખોર દીપડાને પકડવા યુધ્ધના ધોરણે તૈયારી શરૂ કરી દીધી હતી. આખરે ગઈકાલે ૪:૪૫ કલાકે દિપડાને પાંજરામાં પુરી દેવાયો હતો. જોકે બાળકી ઉપર હુમલો કર્યો એ જ આ દિપડો છે કે કેમ ? એ તેના મળ ઉપરથી નક્કી થશે એમ ડીસીએફ અક્ષય જોષીએ જણાવ્યું હતું. રાજુલા તાલુકાના વિકટર ગામનો એક પરિવાર પરિક્રમા કરવા આવ્યો હતો. આ પરિવારની ૧૧ વર્ષિય દીકરી પાયલ બોરદેવી નજીકના બાવર કાટ વિસ્તારમાં વ્હેલી સવારે લઘુશંકા માટે ગઈ ત્યારે અચાનક આવી ચડેલો દિપડો પાયલને ઉઠાવીને દુર જંગલમાં લઈ ગયો હતો અને તેને ફાડી ખાધી હતી. ઘટનાની જાણ થતા વન વિભાગનો સ્ટાફ દોડતો થયો હતો પરંતુ તેને માત્ર મૃતદેહ જ હાથ લાગ્યો હતો. દિકરીના કાળજું કપાવી દેનારા મોતથી પરિવારમાં હડકંપ મચી જવા પામ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, પરિક્રમા પહેલા વનતંત્રએ એવો દાવો કર્યો હતો કે, પરિક્રમા રૂટ ઉપરથી વન્ય પ્રાણીઓને દુર ખસેડવામાં આવ્યા છે. સાથે ૬ રેસ્કયુ અને ટ્રેકરની ટીમ તબીબી સ્ટાફ સાથે તૈનાત રહેશે જે વન્યપ્રાણીઓનું સતત મોનીટરીંગ કરશે.

દરમ્યાન આ બનાવ અંગે મતૃક દિકરીના મામા બચુભાઈએ જણાવ્યું હતું કે, લીલી પરિક્રમા દરમ્યાન બોરદેવી વિસ્તારમાં રાત્રિ રોકાણ કર્યું હતું. વ્હેલી સવારે ૬ વાગ્યે અમે સૂતા હતા ત્યારે પાયલ જાજરૂ કરવા થોડે દુર ગઈ ત્યારે અચાનક આવી ચડેલો ખુંખાર દિપડો પાયલને ઉપાડીને જંગલમાં નાસી ગયો હતો. અમે તેની પાછળ દોટ મુકી હતી પરંતુ તે નજરે ચડયો ન હતો. બાદમાં પાયલનો મૃતદેહ હાથ લાગ્યો હતો.

દરમ્યાન સીસીએફ કે. રમેશએ જણાવ્યું હતું કે, જયા પાયલબેન નામની ૧૧ વર્ષિય દિકરીને દિપડાએ ઉપાડી જવાની ઘટના બની છે ત્યાં વન વિભાગની ટીમને તૈનાત કરવામાં આવી છે. સાથે પરિક્રમાર્થીઓને પણ સુચના છે કે, પરિક્રમા સિવાયના જંગલ વિસ્તારના રૂટ ઉપર યાત્રાળુઓ ન જાય. દરેક યાત્રાળુઓ ધ્યાન રાખે કે તેઓ જંગલ વિસ્તારમાં પરિક્રમા કરી રહ્યા છે.

દરમ્યાન રાજુલા તાલુકાના વિકટર ગામની એક બાળકીને દિપડાએ ફાડી ખાતા વિકટર ગામ અને કોળી સમાજમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. આ પરિવારને સહાય ચુકવવા રાજુલા જાફરાબાદ વિસ્તારના ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ શોકની લાગણી વ્યકત કરી હતી અને વનમંત્રીને ટેલીફોનિક રજુઆત કરી પીડિત પરિવારને સહાય મળે તે માટે રજુઆત કરી હતી. મોડી સાંજે આ બાળકીના મૃતદેહને અંતિમ સંસ્કાર માટે ગામમાં લવાયો હતો.

# કેશોદ નજીક ટ્રકમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો : રૂા.૯,૨૧,૪૦૦નો મુદ્દામાલ જપ્ત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
કેશોદ તા.૨૫

કેશોદ તાલુકાના સોંદરડા બાયપાસ ચોકડી નજીકથી ગઈકાલે પોલીસે ઈંગ્લીશ દારૂના જથ્થા સાથેનો એક ટ્રક ઝડપી લઈ કુલ ચાર વિરૂધ્ધ પ્રોહિબીશન અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. ટ્રક અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂા.૯,૨૧,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. આ બનાવ અંગે કેશોદ પોલીસે આપેલી વિગત અનુસાર કેશોદ તાલુકાના સોંદરડા બાયપાસ ચોકડી નજીકથી ગઈકાલે કેશોદ પોલીસે ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે ટ્રક ઝડપી લીધો હતો. જે અંગે કેશોદ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કિરણ જીવાભાઈએ જાતે ફરિયાદી બની ગુનો દાખલ કરેલ છે. આ ફરિયાદમાં આ કામના આરોપી સદામહુસેન નીયાઝભાઈ ખાન(ઉ.વ.૩૦) રહે.૧૦૩, રામધની ચાલ, મહારાષ્ટ્ર તથા ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આપનાર ૯૬૬૭૭૭૨૭૦૩ તથા ૯૦૮૧૬૨૩૬૪૬ તથા ૯૭૬૬૫૬૯૧૯૮ નંબર ધારકો કે જેઓએ ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી આપેલ છે તેમજ ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવનાર લાલાભાઈ મો.નં.૯૦૨૩૮૫૨૯૯૮ તથા તપાસમાં ખુલે તે તમામ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, દારૂ અંગેના દરોડા દરમ્યાન હાજર મળી આવેલ આરોપી નં-૧એ તથા હાજર નહી મળી આવનાર અન્ય આરોપીઓએ મોટો આર્થિક નફો મેળવવા માટે પુર્વ આયોજીત કાવત્રુ કરી ભાગીદારીમાં ટ્રક નંબર એમએચ-૪૮-બીએમ-૩૮૪૫ કિ.રૂા.૪,૦૦,૦૦૦ વાળામાં એરફેશનરના માલ સામાન અંગેનો ખોટો બીલટી બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી તે ટ્રકમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો નંગ-૫૧૮૪ પેટી નંગ-૧૦૮ વિગેરે મળી કુલ રૂા.૯,૨૧,૪૦૦ના મુદ્દામાલ સાથે આરોપી નં-૧ને ઝડપી લઈ અન્ય આરોપી વિરૂધ્ધ કાર્યવાહી કરી ઝડપી લેવા તપાસનો ચક્રો ગતિમાન કરેલ છે.

# જૂનાગઢમાં ખેતીલાયક દવાઓના નામે ૧૫ હજારની છેતરપીંડી

(ક્રાઈમ રીપોર્ટર)
જૂનાગઢ તા.૨૫

જૂનાગઢના જોષીપરા વિસ્તારમાં બનેલા એક બનાવમાં છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

આ બનાવ અંગે રાજકોટ જીલ્લાના વીંછીયા તાલુકાના વાંગધ્રા ગામના હરેશભાઈ કલ્યાણભાઈ વેગડ કોળીએ આરોપી તરીકે તુષારભાઈ ભરતભાઈ પટેલ મો.૮૫૧૧૧ ૭૧૬૧૨વાળાનું નામ આપી ફરીયાદમાં જણાવેલ કે, આરોપીએ ખેડૂતોને ફોન કરી તાલપત્રી સાથે ખેતીલાયક દવાની બોટલ ફ્રી આપી વિશ્વાસમાં લઈ ખેડૂતના ગામ સુધી પહોંચી જઈ અને ત્યાં બે તાલપત્રી ખરીદતા ખેતીલાયક દવાની બોટલ ફ્રી આપી વિશ્વાસ કેળવી લઈ અને ખેતીના પાકને વૃધ્ધી આવે અને પાક સુકાય નહી તેવી ખેતીલાયક દવા વેચવા માટેની લોભામણી સ્કીમ આપી લલચાવી અને આ કામના ફરીયાદીને પણ આરોપીએ લોભ-પ્રલોભનમાં લઈ ખેતી લગત દવાની બોટલો કે જે પાકને વૃધ્ધી આપે અને સુકાવા ન દે તેવા ફાયદાવાળી દવાઓ વેચવા માટે રૂા.૧૫ હજારમાં કુલ ૫૦ પેકેટ તથા બોટલો જેમાં ક્રોપ શક્તિ તેમજ અન્ય નામવાળી દવાઓ આપી અને ગ્રાહક પોતે મોકલશે તેવું વચન આપી રૂા.૧૫ હજાર ફરીયાદી પાસે લઈ લીધેલ અને ન વેચાય તો દવા પાછી રાખી લેશે અને રૂપિયા પરત આપી દેશે તેમ કહી જતા રહેલ અને ફરીયાદી પાસે આ ખેતીલાયક દવાના ગ્રાહક નહી મોકલી કે દવા પરત નહી મેળવી કે રૂપિયા પરત નહી આપી અને ખેતીલાયક દવા હોવાનું કહી અસર વગરની દવા આપી ફરીયાદી સાથે છેતરપીંડી-વિશ્વાઘાત કર્યાની ફરીયાદ બી ડીવીઝન પોલીસ દફતરે નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી.


ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૯૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું



દાણાપીઠમાં મકાન વેચવાનું છે
જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં વાદી ખડકીમાં, ત્રણ માળનું,૭ રૂમવાળુ મકાન તેમજ હોલસેલનાં વેપારીઓને ગોડાઉન માટે લાયક, સારી કન્ડીશનમાં વહેલા તે પહેલાનાં ધોરણે વ્યાજબી ભાવમાં મકાન વેચવાનું છે.
: સંપર્ક :
૯૩૭૬૬ ૦૫૫૬૨ / ૭૯૮૪૮ ૦૫૭૯૧



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા.....
બેસનની દુનિયાનો બેતાજ બાદશાહ
સ્વસ્તિક - સુપર - લિબર્ટી
ચુનીભાઈ રાખોલીયા
સ્વસ્તિક
પ્રોટીન્સ ઈન્ડસ્ટ્રીઝ
જય ભવાની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ-૨, જીઆઈટીસી-૨ની સામે, રાજકોટ રોડ, સાબલપુર જૂનાગઢ.
ફોન : ૨૬૬૦૦૮૯
મો. ૯૮૨૫૨ ૦૯૦૪૪, ૯૮૨૫૩ ૧૬૬૯૦, ૯૮૨૫૩ ૧૬૬૮૯
: ઉત્પાદક :
સ્વસ્તિક બ્રાન્ડ બેસન - લિબર્ટી બ્રાન્ડ બેસન - સુપર બ્રાન્ડ તેમજ અન્નપૂર્ણા બ્રાન્ડ સિલ્કી તથા મોટી ચણાદાળનાં ઉત્પાદક



